# साम्मनस्यम्

## श्री बृहद् गुजरात संस्कृत परिषद्

मुखपत्रम्

पञ्जियतक्रमाङ्कः आर. एन्. ११९९७/५१ ● ISSN- 2249-9369

अङ्क – ११२

जनवरी – २०२४



श्री बृहद् गुजरात संस्कृत परिषदः
स्वकीयः संस्कृताः
श्री सुरेशचन्द्र ना. शेलतवर्याः

❖ सम्पादकाः ❖

❖ डॉ. वासुदेव वि. पाठक ❖ प्रि. डॉ. गीता पी. महेता ❖ डॉ. महेश ए. पटेल

श्री बृहद् गुजरात संस्कृत परिषद्

अहमदाबाद – ३८०००९

# ॥ अस्मिन्नङ्के ॥


| | | |
|---|---|---|
| ❑ अस्मदीयम् | – डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ' | १ |
| ❑ श्री कृष्णकुमाराष्टकम् | – डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ' | २ |
| ❑ नववर्ष मंगलकामना | – डॉ. वसन्तकुमार म. भट्ट | ३ |
| ❑ श्री मारुति-महिमा | – डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ' | ३ |
| ❑ परोपकार प्रशंसा | – डॉ. मुद्रिका जानी | ४ |
| ❑ श्रीमद् ભાગવતનું વિહંગાવલોકન | – ડૉ. મહીપતરામ પ્ર. દવે | ૬ |
| ❑ વેદરક્ષામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોનું પ્રદાન | – મહેશ બી. પટેલ | ૧૧ |
| ❑ વિક્રમોર્વશીયમ્ અને માલવિકાગ્નિમિત્રમ્ નાટકમાં અર્થાન્તરન્યાસ નિરૂપણ | – શ્રીમતી રંજનબેન અંધારિયા | ૨૧ |
| ❑ વસિષ્ઠનું અધ્યાત્મ | – સી. વી. ઠકરાલ, રાજકોટ | ૨૪ |
| ❑ अथर्ववेदे ईश्वरतत्त्वम् | – धामेचा हेतलबेन किरणकुमार | २९ |
| ❑ श्रीमल्लिनाथचरितमहाकाव्ये नारीसम्बद्धाः व्यवहारः | – प्रा. सुनिल एच. प्रजापति | ३१ |
| ❑ संस्कृत शास्त्रों में 'मंगलाचरण' परम्परा | – भारती प्रभुभाई परमार | ३७ |
| ❑ પ્રસંગ ફોટો | – | ૪૨ |
| ❑ वृत्तनवनीतम् | – | ५९ |
| ❑ सुचिरां शान्तिमाप्नुयुः | – | ६० |





॥ साम्मनस्यम् परामर्शकसमितिः ॥

૧. ડૉ. ચન્દ્રકાન્ત મહેતા   ૨. ડૉ. ગીતાબહેન મહેતા   ૩. ડૉ. કમલેશકુમાર ચોકસી
૪. ડૉ. મહેશ એ. પટેલ   ૫. ડૉ. દર્શના કે. ભટ્ટ   ૬. ડૉ. મિહિર ઉપાધ્યાય
૭. ડૉ. હિતેન્દ્ર વ્યાસ   ૮. ડૉ. મહાકાન્ત જોશી   ૯. શ્રી કાનજીભાઈ ભોગાયતા



**प्रकाशक :**
**डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'**
प्रधानमन्त्री
श्री बृहद् गुजरात संस्कृत परिषद्,
शेठ श्री रतिलाल मो. भा. संस्कृत भवन,
श्री बृहद् गुजरात परिषद् मार्ग, दिनेश हॉल समीप,
अहमदाबाद – ९   फोन : 079-40394173
मोबाईल : 9909121163

**मुद्रक :**
**ई मेगेजिन, 'साम्मनस्यम्'**
**श्री बृहद् गुजरात संस्कृत परिषद्'**
E-mail : info.b.g.s.parishad@gmail.com
Web: shribruhadgujaratsanskritparishad.org

ॐ

# अस्मदीयम्

શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્. નામ પ્રમાણેનું કાર્યક્ષેત્ર. સમગ્ર ગુજરાતમાં કચ્છથી પાટણ સુધી અને સિદ્ધપુરથી વાપી પર્યંત, સંસ્કૃત સેવાના નિમિત્તે પ્રવૃત્ત, આ સંસ્થા ૬૦૦ થી વધુ કેન્દ્રો દ્વારા ૩૫ લાખથી વધુ છાત્રોને સંસ્કૃતાભિમુખ કરતી આ સંસ્થા. ઈ.સ. ૧૯૪૬થી કાર્યરત આ સંસ્થા પોતાના અમૃત મહોત્સવ વર્ષને પણ વટાવી ગઈ છે. (૭૮ વર્ષની સંસ્કૃત સેવા).

રાષ્ટ્રના સ્વાતંત્ર્ય પૂર્વેથી રાષ્ટ્રના સંસ્કૃત-સંસ્કારને ટકાવવાની નેમ સાથે શરૂ થયેલી આ સંસ્થા.

ઋષિતુલ્ય એવા અનેક વિદ્વાનો, ન્યાયમૂર્તિઓ, સમાજ સેવકો, ધર્મધુરંધરો વગેરે દ્વારા અનુપ્રાણિત આ સંસ્થા સતત પ્રગતિ કરતી રહી છે.

વિવિધ પરીક્ષાઓના સંચાલન ઉપરાંત, સંસ્કૃતલક્ષી શિબિરો, કાવ્ય-સત્રો, વ્યાખ્યાનમાળાઓ, શિક્ષણસત્રો, વક્તૃત્વ-નાટ્ય-નૃત્ય વગેરે કલાને પોષતી પ્રવૃત્તિઓ અને એવું જ ઘણું બધું, પરિષદ્ના કાર્યક્ષેત્રમાં છે.

ટૂંકમાં, બાળકોનો અને વ્યાપક સમાજના રસજ્ઞ લોકોનો બહુક્ષેત્રીય વિકાસ, પરિષદ્ને અભિપ્રેત છે.

પરિષદ્નું મુખપત્ર 'साम्मनस्यम्' ગુજરાતનું સર્વપ્રથમ સંસ્કૃત-સામયિક છે.

હાલમાં (નિ.) ન્યાયમૂર્તિશ્રી એમ. એસ. પરીખ સાહેબ અને સાંસદ મા. શ્રી પરિમલભાઈ નથવાણીજીના માર્ગદર્શનમાં પરિષદ્ની પ્રવૃત્તિઓ ધમધમે છે બહુજનસમાજનો સહયોગ પ્રાપ્ત છે. વિશેષ સહયોગ માટે પ્રાર્થના.

**सर्वहितार्थं सत्कार्यम्**
**निःस्वार्थं क्रियते यदा ।**
**सुज्ञास्तत्रानुकूलत्वम्**
**कुर्वन्त्येव सदाशयाः ॥**

**– પ્રા. ડૉ. વાસુદેવ વિ. પાઠક ''वागर्थः''**
(પ્રધાનમંત્રી)

# ॥ श्री कृष्णकुमाराष्टकम् ॥

– डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'

॥ॐ॥

नंदानंदं कृष्णकुमारम् राधाराध्यं कृष्णकुमारम् ।
गुरोगौरवं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
पूज्यपूजकं कृष्णकुमारम् सुदामासखं कृष्णकुमारम् ।
विवेकसारं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
शक्त्या सेव्यं कृष्णकुमारम् हृदये धार्यं कृष्णकुमारम् ।
मनसा मान्यं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
ज्ञानाराध्यं कृष्णकुमारम् स्वकर्मणार्च्यं कृष्णकुमारम् ।
भक्त्या भाव्यं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
वेदैर्वेद्यं कृष्णकुमारम् गीतामृतदं कृष्णकुमारम् ।
पूर्णं पुरुषं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
अनाथनाथं कृष्णकुमारम् पतितोद्धारं कृष्णकुमारम् ।
कलिमलहरणं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
लिप्तमलिप्तं कृष्णकुमारम् सच्चिद्रूपं कृष्णकुमारम् ।
परमानन्दं कृष्णकुमारम् भजामि भक्त्या कृष्णकुमारम् ॥
मा विस्मर रे ! कृष्णकुमारम् सदा सदा स्मर कृष्णकुमारम् ।
दासभावतः कृष्णकुमारम् वासुदेव ! भज कृष्णकुमारम् ॥

इति श्री वासुदेव पाठकेन ( वागर्थेन ) प्रार्थितम् ॥ श्री कुमाराष्टकम् ॥ ॥ॐ॥

नमो नन्दकुमाराय श्रीमधुसूदनाय च ।
विष्णवे वैष्णवेभ्यश्च नवे वर्षे नमो नमः ॥
शुभे कार्ये शिवार्थाय प्रार्थना परमार्थदा ।
इष्टदेवप्रसादेन यदिष्टं साधयत्वहो ॥

॥ॐ॥

## ॥ नववर्ष मंगलकामना ॥

– डॉ. वसन्तकुमार म. भट्ट

लक्ष्मीर्विष्णोर्यथा पादे संलग्नैव विराजते ।
राजलक्ष्मीस्तथा नित्यं निवसेत् तव मन्दिरे ॥१॥

समुद्रमथनाज्जातो धन्वन्तरिर्महाभिषक् ।
आरोग्यं वर्धयेन्नित्यं यशःपूर्वं वयांसि च ॥२॥

यथा गताऽन्नपूर्णेयं धूर्जटेर्नगमन्दिरम् ।
सुपरिवेषयन्ती सा वसेद्वो गृहमन्दिरे ॥३॥

यथादित्यमनूरुर्यो प्रेषयति दिशोऽन्तिके ।
दीपज्योतिस्तथाऽस्माकं नववर्षं प्रकाशयेत् ॥४॥

०००

## ॥ श्री मारुति-महिमा ॥

– डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'

सर्वशिवार्थं मारुति-महिमा
जय जय शिवमय हे, जय जय गुरुवर हे ॥

कपीश्वरस्य कवीश्वरेण गानं तुलसीदासवरेण ।
विधविधकार्येष्वस्ति गरिमा सर्वशिवार्थं मारुति-महिमा ॥ जय जय ..... ॥

नानारूपैर्व्यक्ता प्रतिभा यथावश्यकं ह्यणिमा लघिमा ।
लब्ध्वा संसिद्धौ ननु गरिमा सर्वशिवार्थं मारुति-महिमा ॥ जय जय..... ॥

सागरतरणं दानवहननम् सतां सदैव च गौरवकरणम् ।
श्रीरघुपतिसेवायां ननु गरिमा सर्वशिवार्थं मारुति-महिमा ॥ जय जय.....॥

दासत्वेन तथांशत्वेन परमात्मनस्सदात्मत्वेन
परिचये यस्यास्ति गरिमा सर्वशिवार्थं मारुति-महिमा ॥ जय जय..... ॥

०००

# ॥ परोपकार प्रशंसा ॥

– डॉ. मुद्रिका जानी

**वृत्तिः परोपकारार्थं तदर्थं क्षमता वरा ।**
**परोपकारसंचारः व्रतं तज्जीवने सताम् ॥१॥**

પરોપકાર કરવાની વૃત્તિ, તે માટેની ઉત્તમ ક્ષમતા, અને પરોપકારની પ્રવૃત્તિ કરવી, એ સજ્જનોનું જીવન-વ્રત છે.

**परोपकारः कर्तव्यः प्राणैरपि धनैरपि ।**
**परोपकारजं पुण्यं न स्यात्क्रतुशतैरपि ॥२॥**

પોતાના પ્રાણ અને ધન, બન્નેથી પરોપકાર કરવો જોઈએ. પરોપકાર કરવાથી જે પુણ્ય થાય છે, તે સેંકડો યજ્ઞોથી પણ થતું નથી.

**धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत्**
**तन्निमित्तो वरं त्यागो विनाशे नियते सति ॥३॥**

ડાહ્યા માણસે પરોપકાર માટે પોતાના ધન અને જીવનનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે ધન અને જીવનનો તો નાશ થવાનો જ છે, તો પછી પરોપકાર નિમિત્તે તેનો ત્યાગ કરવો સારો છે.

**रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जनाः ।**
**एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥४॥**

સૂર્ય, ચંદ્ર, મેઘ, વૃક્ષો, નદીઓ, ગાયો અને સજ્જનો આ બધાંને દૈવે આ યુગમાં પરોપકાર માટે બનાવ્યા છે.

**तृणं चाहं वरं मन्ये नरादनुपकारिणः ।**
**घासो भूत्वा पशून्पाति भीरुन्पाति रणाङ्गणे ॥५॥**

જે ઉપકાર કરતો નથી તેવા માણસ કરતાં ઘાસને હું શ્રેષ્ઠ માનું છું, કારણ કે એ તૃણ, ઘાસ થઈને, પશુઓનું પાલન કરે છે અને રણમાં બીકણ માણસોનું રક્ષણ કરે છે. (અર્થાત્ મોઢામાં તણખલું રાખવાથી તેને કોઇ મારતું નથી).

**परोपकृतिकैवल्ये तोलयित्वा जनार्दनः ।**
**गुर्वीमुपकृतिं मत्वा ह्यवतारान्दशाग्रहीत् ॥६॥**

વિષ્ણુ ભગવાને પરોપકાર અને મોક્ષ પદ બન્નેને તોલી જોયા, તો ઉપકારનું ત્રાજવું નમેલું જોયું, તેથી પરોપકાર કરવા માટે વિષ્ણુએ દશ અવતાર ધારણ કર્યા.

**आत्मार्थं जीवलोकेऽस्मिन्को न जीवति मानवः ।**
**परं परोपकारार्थं यो जीवति स जीवति ॥७॥**

આ જગતમાં પોતાને માટે કયો માનવ જીવતો નથી ? પરંતુ, જે પરોપકાર કરવા માટે જીવે છે, તે જ ખરૂં જીવે છે.

**परोपकारशून्यस्य धिङ्मनुष्यस्य जीवितम् ।**
**यावन्तः पशवस्तेषां चर्माप्युपकरिष्यति ॥८॥**

પરોપકાર કર્યા વગરના માણસના જીવનને ધિક્કાર છે, (કારણકે) જગતમાં જેટલાં પશુઓ છે તેમનું ચામડું પણ બીજાનો ઉપકાર કરે છે.

**परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।**
**परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदं शरीरम् ॥९॥**

વૃક્ષો પરોપકાર કરવા ફળ આપે છે, નદીઓ પરોપકાર માટે વહે છે, ગાયો પરોપકાર કરવા દૂધ આપે છે, (આમ) આ શરીર પરોપકાર માટે જ છે.

**भवन्ति नम्रास्तरवः फलोद्गमेर्नवाम्बुभिर्भूरिविलम्बिनो घनाः ।**
**अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः स्वभाव एवैष परोपकारिणाम् ॥१०॥**

જ્યારે ફળ આવે છે ત્યારે વૃક્ષ નીચાં નમે છે, જ્યારે નવાં જળ ભરાય છે ત્યારે વાદળો ઘણાં નીચે આવે છે, (તે રીતે) સમૃદ્ધિ આવવાથી સારા પુરુષો નમ્ર (અનુદ્ધત) બને છે. પરોપકારી (માણસો)નો આ સ્વભાવ જ છે.

**श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन दानेन पाणिर्न तु कङ्कणेन ।**
**विभाति कायः खलु सज्जनानां परोपकारैर्नतु चन्दनेन ॥११॥**

સજ્જનોના કાન શાસ્ત્ર સાંભળવાથી શોભે છે, કુંડલથી નહિ. હાથ દાનથી શોભે છે, કંકણથી નહિ. (તે જ રીતે) શરીર પરોપકાર કરવાથી શોભે છે, ચંદનના લેપથી નહિ.

**पद्माकरं दिनकरो विकचीकरोति**
**चन्द्रो विकासयति कैरवचक्रबालम् ।**
**नाभ्यार्थितो जलधरोऽपि जलं ददाति**
**सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥१२॥**

સૂર્ય કમળોના સમૂહને વિકસિત કરે છે, ચન્દ્ર પોયણીઓના સમૂહને ખીલવે છે અને મેઘ પ્રાર્થના કર્યા વિના (માંગ્યા વિના) જ પાણી આપે છે, (આમ) સારા માણસો સ્વયં (પોતે જ) પારકાના હિતકાર્યો કરવામાં તત્પર હોય છે.

OOO

# શ્રીમદ્ ભાગવતનું વિહંગાવલોકન અને પ્રશ્નો

– ડૉ. મહીપતરામ પ્ર. દવે, *ગાંધીનગર*

શ્રીમદ્ ભાગવતમ્ પુરાણ ગ્રન્થ આદરણીય છે. જ્ઞાનભક્તિની પ્રેરણા અવશ્ય આ ગ્રન્થથી સંપ્રાપ્ત થાય છે. ભાષાનું પાંડિત્ય અને જ્ઞાનનું વૈવિધ્ય અનુપમ છે. પણ ગ્રન્થના રચયિતા શ્રી વ્યાસજી નથી. ગ્રન્થ લેખક ઈ.સ. ૧ લી સદીના કોઈ દ્રાવિડ પંડિત છે. તે માટેના પ્રમાણો નીચે જણાવેલ છે. ભાગવત કથાકારો અને શ્રોતાઓને આશંકા નિવારણાર્થ જીજ્ઞાસા થવી જોઈએ કે આવું વિધાન ભાગવતમાં કેમ છે.

લેખક મંગલાચરણમાં **''સત્યં પરં ધીમહિ''** લખે છે અને પોતે જાણતા નથી તે વાત લખતા પણ નથી શ્રીકૃષ્ણના જન્મ સમયનો વાર, તિથિ, માસનો સ્પષ્ટ ઉલ્લેખ આ ગ્રન્થમાં નથી. માત્ર નક્ષત્ર રોહિણીનું નામ છે જે શ્રા. વદ ૮ ની આસપાસ આવે. પણ સાતમે અને નોમનું ય આવે. માત્ર આઠમે જ આવે તે નિશ્ચિત નથી.

**પ્રશ્ન-૧.** શ્રી રામ અતિ પ્રાચીન છતાં ચૈત્ર સુદ નોમ, જન્મ સમય આપણને જ્ઞાત છે. અને તત્પશ્ચાદ્ સમયના શ્રીકૃષ્ણ જન્મ સમયની જાણ નથી તે આશ્ચર્ય છે. આવું જ ગ્રન્થના મુખ્ય પાત્ર રાજા પરીક્ષિતના જન્મ સમય માટે છે. તેનો પણ કશોય ઉલ્લેખ સ્પષ્ટ નથી. આમ કેમ ?

**પ્રશ્ન - ૨.** દ્રવિડ દેશમાં તામ્રપર્ણી કતમાલા યશસ્વિની કાવેરી મહા નદી પ્રતીચીમાં સ્નાન કર્યે ભક્તિ વધે. લેખકે પોતાના વતનની નદીઓમાં સ્નાન કર્યે પાપ ક્ષય થાય તેમ લખ્યું છે. જેમ હું મોરબીની મચ્છુ યા અમદાવાદની સાબરમતીને મહત્ત્વ આપું તેમ. પણ યમુના, ગંગા, નર્મદાનો ઉલ્લેખ કેમ નહિં, આ વતન પ્રેમ છે અને તેથી આ નદીઓ કેરાલાની હોવાથી લેખક ત્યાંના છે.

શ્રી બલદેવની યાત્રામાં દક્ષિણતીર્થો ૭૫ ટકા અને ઉત્તરતીર્થો ૨૫ ટકા લખ્યા છે. લેખક દક્ષિણી છે.

**પ્રશ્ન - ૩.** ૭ દિનમાં રાજા પરીક્ષિતનું મૃત્યુ નક્કી છે. તે વેળા માત્ર હરિ સ્મરણ જ કરવાનું હોય ત્યારે ગ્રન્થાનુસાર રાજા અન્ય નરેશોની વંશાવલી જાણવા શુકજીને પૂછે અને સ્કંધ-૫ ની ભૂગોળ-ખગોળ પૂછે તે નવાઈ છે. મરણોન્મુખ કોઈ પ્રભુ સિવાય અન્ય જાણવા મથે જ નહિ.

સ્કંધ-૫ ની ભૂગોળ કે અન્ય સ્થળ નિર્દેશનું હાલના વિશ્વ સાથે કોઈપણ રીતે સમન્વય યા સંબંધ સ્થાપિત થઈ શકતો જ નથી તે આશ્ચર્ય છે સ્કંધ-૫ ની ભૂગોળ વર્તમાનમાં કઈ રીતે સમજી શકાય ? તે કોઈ સ્પષ્ટ સમજાવે તો ઉપકૃત થઈશું.

ભાગવતમાં અપાણીનીય પ્રયોગો पश्ये આ. ૫૬ આદિ स्तुन्वन्ति दिव्यै: स्तवै: આદિ ગ્રન્થની પ્રાચીનતા સિદ્ધ કરવા જાણી જોઈને લેખકે કર્યા છે.

મહાભારતના કર્તા વ્યાસજી, ભાગવતના કર્તા પણ વ્યાસજી હોય તો બન્ને ગ્રન્થોનો ભાષા વૈભવ જુદો છે. મહાભારતની ભાષા અતિ સરલ છે જ્યારે ભાગવતની સંસ્કૃતભાષા અતિ જટિલ કઠિન અને દુર્ગમ છે. કોઇ કોઇ ભાગવતના શબ્દો તો અમરકોશમાં પણ નથી. છન્દો પણ અતિ દુર્લભ પ્રાચીન જોવા મળે છે. ભાગવતજીમાંની હકીકતો પ્રાયઃ રૂપક રૂપે છે, બધુંય ખરેખર બનેલું નથી. આથી સ્કંધ-૧૨ માં कथा इमास्ते श्लोके वचो विभूतिर्नतु પારમાર્થ્યે છે કોઈક જ સત્ય ઘટના બનેલી છે, બાકી કથાકલ્પિત છે. દા. ત. ગજેન્દ્ર મોક્ષમાં ગજેન્દ્ર તે જીવ છે -

મગર-કાલ છે. અહં છોડીને હરિનું શરણ લે તો જ જીવ બચે નહિતર મગર-કાલ ભરખી જશે. ૧૦૦ વર્ષનું યુદ્ધ તે આયુષનો સમય છે. સમુદ્ર મન્થન કથામાં આપણો સંસાર તે સમુદ્ર છે તેમાં પુરુષાર્થ તે મન્થન છે. પહેલા યત્ને કદાચ ઝેર નીકળે તો પણ નિરાશ ન થતાં યત્ન ચાલુ રાખીયે તો અન્તે અમૃત અર્થાત્ ધાર્યું ફળ મળશે જ આમ રૂપક છે. કથાનું રહસ્ય છે. સંસ્કૃત સાહિત્યમાં સ્પષ્ટ શબ્દાર્થ (અભિધા)થી કહેવાને બદલે બીજી રીતે વક્રોક્તિ લક્ષણા વ્યંજના રૂપે કહેવાની રીત કવિઓની હોય છે. ગીતામાં પણ આમ જોવા મળે છે. ઉદા. या निशा सर्वभूतानाम्.

स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा: – ભાગવત કહે છે સ્ત્રી અને શૂદ્રો વેદ ન ભણી શકે પણ યજુ સંહિતા ૨૬.૨ કહે છે વેદ સર્વે માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, જંગલવાસી પણ ભણી શકે છે. ચીરહરણ પ્રસંગે ગોપીઓ ગુપ્તાંગ પણ ખુલ્લા કરી માથે હાથ રાખી પગે લાગે बद्धांजलि मूर्धाने – योनिमाच्छाद्य पाणिभ्यां આમ અભદ્ર શૃંગાર વ્યાસજી કદી ન લખે. આ પરાક્રમ ભાગવતના લેખક દ્રાવિડ પંડિતના છે, જે શરમજનક છે.

**પ્રશ્ન-૪** આ ગ્રન્થમાં દેવકી ગર્ભસ્થ પ્રભુ (શ્રીકૃષ્ણ)ની સ્તુતિ બ્રાહ્મમાં કરે છે. એટલે શ્રીકૃષ્ણાવતારની જાણ તેમને છે જ. છતાં જ્યારે શ્રી કૃષ્ણ ગોવાળીયા-બાલકો સાથે જમે છે ત્યારે બ્રહ્માને શંકા થાય છે કે પ્રભુ શું આવા હોય અને વાછરડા ચોરી જાય છે તો આ પ્રસંગે શું બ્રહ્માજીનું મગજ અસ્થિર થયું હશે ?

ઈન્દ્રને મદ હતો નહિ પણ યજ્ઞવિરોધ થતાં ગુસ્સો આવ્યો. દેવકી ગર્ભસ્થ પ્રભુની સ્તુતિ ઈન્દ્ર કરે છે. જાણે છે કે શ્રીકૃષ્ણ દેહધારી પ્રભુ છે. પછી તે સામે ક્રોધ કરે નહિ. ગોવર્ધન કથા કલ્પિત છે. પર્વત કૃષ્ણે ઉપાડ્યો નથી. કથાકારો ગોવર્ધન લીલા વર્ણવે છે. પણ સ્વસ્થ ચિત્તે વિચારો કે પર્જન્ય યજ્ઞનું વિધાન આપણે ત્યાં છે. સાક્ષાત્ દેહધારી હરિ શ્રી કૃષ્ણનું તે સાથે ઈન્દ્ર કદિ વિરોધ કરે ખરા ? અતિવૃષ્ટિથી ગામના લોકો પર્વત ગુફામાં ઉપર ચઢી ગયા પણ પૃથ્વી ઉપર ઉભેલાં શ્રીકૃષ્ણ તો ડુબી જાયને ? પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી કહે છે કે ગીતામાં યજ્ઞ માટે ૨૫ વાર હિમાયત-પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણ નંદજીને યજ્ઞ નહિ કરો એમ કહે ખરા ? જરા વિચારો આ વાતમાં તથ્ય છે. તે વેળા યજ્ઞમાં હિંસા થતી અને હિંસામય યજ્ઞ માટે કૃષ્ણ હા ન જ પાડે. માટે જે ધન છે તે ગો સારા વિચારોના પ્રચાર - એ ગોવર્ધન છે. તે માટે વાપરવું, દયા દાનમાં ધન આપો. ગોવર્ધનનું તાત્પર્ય સારા - વૈદિક વિચારોનો પ્રચાર છે. પર્વત ઉપાડવાનો ભાવ નથી.

**પ્રશ્ન-૫** અજામિલ કથા સાવ નિરાધાર છે તે મરણ વેળા પુત્ર નામ નારાયણ છે તેને યાદ કરે છે એટલે તે મોહાન્ધ છે તે સ્પષ્ટ જણાય છે - છતાં વિષ્ણુદૂતો દોડી આવ્યા, યમદૂતો આવેલા તેને ભગાડી મુક્યા. વળી નવાઈ એ કે તે કાળે અજામિલને વિષ્ણુદૂતો વૈકુંઠમાં કેમ ન લઈ ગયા ? ગીતા એમ કહે છે કે ''मन्मना भव यदुभक्त:'' अ. १२, ''मय्यावेश्य मनोयेमाम्'' अ. ४, तस्माद् सर्वेषु कालेषु मामनुस्मर युध्येम'' ''अन्त काले च मामेव'' આમ હરિસ્મરણ કર્યે જ સદ્ગતિ છે. તો પુત્ર સ્મરણ કર્યે કઈ રીતે વિષ્ણુદૂતો આવ્યા. તે આશ્ચર્ય છે.

આમ અજામિલની કથા - સામે ગીતા ખોટી પડે છે. મન જ મુખ્ય છે.

**પ્રશ્ન-૬** મોહિનીરૂપ દર્શન માટે શિવજીની ઇચ્છા શ્રીહરિએ પુરી તો કરી પણ પછી તે દર્શનથી શિવજી કામાન્ધ થયા તેવો ઉલ્લેખ વિચિત્ર લાગે છે. तस्यानुधावतो रेतश्चस्कन्दामोधरेतस: (१२-३२) અહીં શિવજીનું

અવમૂલ્યન થયું છે, જે ત્રિનેત્ર છે, કામેશ્વર છે. આર્યોમાં જ્ઞાનીનું પ્રતીક છે તેની આમ અવગણના થયેલ જાણી આશ્ચર્ય થાય છે. વિષ્ણુ ગ્રન્થમાં શિવ અને શિવ ગ્રન્થમાં વિષ્ણુ ગૌણ ગણવામાં આવ્યા પણ હીન નહિ.

**પ્રશ્ન-૭** સૌથી વધુ સચોટ પ્રમાણ કે વ્યાસજી ૫૦૦૦ વર્ષ પૂર્વે પ્રભુ શ્રીકૃષ્ણના સમયના છે અને આ ગ્રન્થમાં ઈ.સ. ૧ લી સદીમાં બહારથી આવેલ હૂણજાતિ, શકજાતિ એ ભારત પર આક્રમણ કર્યું તે શક-હૂણનો ઉલ્લેખ આ ગ્રન્થમાં છે. મુનિ શ્રી પતંજલિનો ઉલ્લેખ આ ગ્રન્થમાં છે જેમનો સમય ઈ.સ. ૧ લી સદી છે. આથી ચોક્કસજાણી શકાય કે આ ગ્રન્થ પણ ૧ લી સદીના ઉત્તરાર્ધમાં લખાયો છે અને દ્રાવિડ પંડિતે લખેલ છે. આ ગ્રન્થમાં ૫ વાર દ્રવિડ દેશનો ઉલ્લેખ છે. જે વતન પ્રેમ સૂચક છે. માનનીય લોકમાન્ય તિલક તો તમામ પુરાણો આજથી ૧૫૦૦ વર્ષ પૂર્વે જ લખાયા માને છે. શકને હરાવનાર પુષ્યમિત્ર (પતંજલિ સમકાલીન)ના પુત્ર વસુમિત્ર છે. તેના પુત્ર અગ્નિમિત્ર જે કાલિદાસના ''માલવિકાગ્નિમિત્ર''નાટકમાં છે. કાલિદાસ ૧ લી સદીમાં હતાં. કૈયટે વ્યાયોગ વૈદ્યક કર્તા પતંજલિ એક જ વ્યક્તિ કહેલ છે. ચરક ટીકાકાર પતંજલિ છે. વૈદ્યક ગ્રન્થની ટીકાનું નામ ''રાજમૃગાંક'' છે આમ શ્રી ભોજે યોગ ટીકામાં લખ્યું. લેખક જે દેશમાં રહેતા તે રાજા બુદ્ધ ભગવાનનો આશ્રિત હતો આથી બુદ્ધ છે તો વેદવિરુદ્ધ મહાપુરુષ છે છતાં અવતાર ગણતરીમાં બુદ્ધ નામ એટલે છે કે જો રાજાના ઈષ્ટદેવનો ગ્રન્થમાં આદર ન થાય તો આ ગ્રન્થ જ બોધ નિષિદ્ધ થાય. રાજા તેનો પ્રચાર કરવા જ ન દે. કયો હિન્દુ બુદ્ધને ભાગવતમાં આપણા રામકૃષ્ણવત્ અવતાર ગણેલ છતાં આદર કરે છે. તેના મંદિરે જાય છે. અનેક શંકાઓ છતાં ભાગવત આદરણીય ભક્તિજ્ઞાન પ્રેરક છે તે નિ:સંદેહ છે. આદિ શંકરચાર્યે અને શ્રી ગૌડપાદે પણ આ ગ્રન્થ પ્રતિ આદર દર્શાવેલ છે. ભાગવતની સ્તુતિ રચના જોતાં કવિ પરમભક્ત એવં બૃહસ્પતિ તુલ્ય વિદ્વાન પ્રભુકૃપાપાત્ર આ મહાકવિને શતશઃ વન્દન. ''पिबत भागवतं रसमालयम्''

આ રીતે ભાગવત ગ્રન્થમાં અનભિધેય પ્રકારે ઘટના પ્રસંગો છે. તેમાંથી તાત્પર્ય દોહન કરવાનું છે. પુરંજન આખ્યાન તો રૂપક છે જ પરંતુ પ્રસંગકથાઓ પણ રૂપક છે. ત્યાં સાર લેવાનો છે.

ooo

શ્રીમદ્ ભાગવતનું વિહંગાવલોકન, તર્કરહિત પ્રસંગ વિમર્શ અને પ્રશ્નો અહીં થોડા જોઈએ, ભાગવતના સ્વાધ્યાય વેળા અનેક પ્રસંગોમાં અનૌચિત્ય જણાય છે.

૧. સ્કંધ-૧૧ અ. ૧૬ વિભૂતિઓના વર્ણનમાં શ્રી રામનું નામ નથી. ગીતામાં છે.
૨. ૧૦ સ્કંધ-૫૫.૫૮.૮૩ કૃષ્ણપત્ની નામોમાં યમુના નામ જ ક્યાંય નથી. કાલિન્દી અને યમુના જુદા કે એક જ છે? કાલિન્દી વર્ણન ૧૦.૫૮.૨૨ ત્યાં યમુના નામ નથી. પરણ્યા તે નારીનામ કાલિન્દી છે. પછી યમુના મહારાણી કેમ? વળી જો કૃષ્ણપત્ની યમુના હોય તો બલદેવ યમુનાને ભાઈ કૃષ્ણની પત્નીને રમણ કરવા બોલાવે છે. સ્કંધ-૧૦ અ. ૬૪ એ અધર્મ બહરામ કરે ખરા?
૩. ૧૦.૫૧.૪૪ શ્રીકૃષ્ણ સાથે મુચુકુન્દની મુલાકાત પહેલીવાર જ છે. છતાં રાજા મુચુકુન્દને ગર્ગે કહેલ કે કૃષ્ણ તે નારાયણ એકમાંથી જાણ હોય. गर्गवाक्यमनुस्मरन्.
૪. ઘણા અધ્યાયના અન્તે તે તે અધ્યાયના પાઠનું ફલ લખ્યું જ છે, પછી જુદું ફલ યા માહાત્મ્ય પદ્મપુરાણનું, સ્કન્દ પુરાણનું શા માટે વાંચવાનું રહે?
૫. ભાગવત તો કૃષ્ણે દેહ છોડ્યા બાદ લખાયું પછી તેમાં કૃષ્ણે તેજ મુક્યું આમ કહેવાય છે તો શું સ્વધામથી ફરી કૃષ્ણ તેજ મુકવા આવ્યા હશે.

૬. ૧૦-૮૭ વેદો સ્તુતિ કરે છે. શું વેદો દેહધારી છે જેમને સ્તુતિ માટે વાણી હોય ?
૭. સ્વ. ગુરુપુત્રને લેવા સર્વજ્ઞ છતાં શ્રીકૃષ્ણ પંચજન રાક્ષસ પાસે ગયા તો સીધા જ યમપુરી કેમ ન ગયા જ્યાં પુત્ર હતો. ૧૦.૪૫ માં ૨. ૩ શ્લોકો જુઓ.
૮. ૧.૧૬ ૨ જનમેજયના ભાઈના નામો કેમ ન લખ્યા. સ્કંધ-૯ માં રાજાના હજાર નામો લખી શકાય છે. ૭ દિનમાં મરનાર ભૂગોળ ઇતિહાસ શાને જાણે.
૯. ૩.૨૦.૩ વિદૂર (પાંડુ ધૃતરાષ્ટ્ર) મૈથુનીસૃષ્ટિ કે મંત્ર બલે પેદા થયા છે. વિદૂર તે પાય ન દેહા.
૧૦. ૧૦.૩૪.૩૭ रजकस्य कराग्रेण शिरः कायादपातयत्. આ શક્ય છે કે શિર અને દેહ પૃથક્ થાય ? વળી ધોબીનો વાંક જ નથી. કૃષ્ણની ક્રિયા યોગ્ય છે.
૧૧. ૯૧૪.૩૭.૩૮ (શ્લોકો) स्त्रियोऽकरुणाः क्रूरा पुंश्चलयः स्वैरवृत्तयः. સ્ત્રીનિંદા કેમ અને ૮.૯૯ માં છે.
૧૨. ૧૦.૪૦.૨૨ 'नमो बुद्धाय शुद्धाय' અવૈદિક વિચારધારા છતાં સ્વીકાર કેમ ?
૧૩. જે ૨૫ મુનિઓ ચિરંજીવી નથી તે ફરી આ ધરા ઉપર શી રીતે આવે ? ૨.૧૯.૧૦
૧૪. ૧૦.૧૬ નાગપત્ની તે નાગણી, તે માટે श्लेषद् वसन् भूषण केशबंधा. કઈ રીતે, અહીં નાગપત્નીઓ માનવસ્ત્રીઓ છે.
૧૫. ટચલી આંગળીએ ગોવર્ધન ઉપાડ્યો તેમ કથાકર્તા કહે છે. મૂળમાં તેમ નથી. एकेन हस्तेन છે. હાથ પણ ડાભો કે જમણો લખેલ નથી.
૧૬. અજામિલ દષ્ટાન્ત ગીતાનુસાર સાવ નિરાધાર બને છે. પ્રભુમાં મન જોઈએ.
૧૭. ૮.૩.૩૧ 'छन्दोमयेन गरुडेन' ગરુડધ્વજ, કપિધ્વજ, મૂષકધ્વજ ધ્વજામાં આ નિશાન છે. વાહન નહિ.
૧૮. ૩.૩૦.૨૯ अत्रैव नरकः स्वर्गः इति मातः प्रचक्षते. અહીં જ ઉપર નહિ.
૧૯. ૧૦.૧૩.૨૧ 'संसार सर्पदृष्टं यो विष्णुशतं' તો સામો સર્પ કે સંસારસર્પ.
૨૦. ૧૧.૨૭.૩૧ સ્વર્ણધર્માનુવાક્ મહાપુરુષવિદ્યા રામરાજન પુરુષસૂક્ત આ કયા ગ્રન્થમાં છે.
૨૧. स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयीनं श्रुतिगोचराः તો યજુ. ૨૬.૨ વ્યર્થ બને યથેમાં.
૨૨. ૧૦.૩.૫૩ यशोदानंद पत्नी च जातं परमबुध्यत न त लिङ्गं परिश्रान्ता. યશોદા બેભાન બને પણ દાસી તો હાજર હોય ને.
૨૩. કૃષ્ણજન્મ થયે નન્દ નિયુત ગાયો, વસુદેવ અયુત ગોદાન કરે તે ગામ કેવડું.
૨૪. ૪.૨૫ (૭.૮) યજ્ઞમાં હિંસા થતી જે ઇન્દ્ર મખવર્ણને નથી લખ્યું.
૨૫. ૯.૮.૫ સગર રાજાના પુત્રોએ આ સાગર બનાવ્યો છે.
તર્કહીન હાસ્યાસ્પદ વર્ણન કે યાદવકુમારોને ભણાવવા શિક્ષકો ૩ કરોડથી વધુ હતા તો યાદવકુમારો કેટલા હશે. ૧૦.૯૦.૪૦ तिस्रः कोट्यः सहस्राणामष्टाशीति शतानि च.
૨૬. ૧.૩, ૨.૭, ૧૧.૪ માં અવતારોનું વર્ણન છે. દરેક સ્થળે ભિન્નતા છે. ૧.૩ વ્યાસજી જન્મ્યા બાદ શ્રી રામ જન્મ્યા લખ્યું તે શી રીતે બને. (૨૧) ततः सप्तदशे जातः सत्यवत्यां पराशरात् (૨૨) नरदेहत्वमापन्नः सुरकार्य चिकीर्षया समुद्रनिग्रहादीनि (રામ) આ વ્યતિક્રમ છે. (કૃષ્ણનું પ્રસિદ્ધ નામ શું ?) વાસુદેવ નામ છે.
૨૭. ૧૨.૨.૯ ''अथाहमंशागेन देवक्यां पुत्रतांशुले ૧૨.૨.૪૨સાવિધશાંશ ભાગને મનઃ આનક દુન્દુભેઃ (વિષ્ણોરંશેન અવતીર્ણ અનેકવાર છે. ત્રિપાદૂર્ધ્વ - પૂર્ણાવતાર નહિ

૨૮. ગીતાનો ઉલ્લેખ ભાગવતમાં છે. ગીતા (મ.ભારત) વ્યાસકૃત નથી. લોકમાન્ય તિલકે કહ્યું છે. ગીતા-મહાભારત વ્યાસે લખ્યું નથી. તો ભાગવતમાં વ્યાસજી ક્યાંથી હોય.

૨૯. ૨.૧.૮ ઈદં ભાગવતં નામ અધીતવાન્ ...પરાદૌ દેવૈપાયનાદહો। શું શુકજી પુરો દ્વાપર જીવ્યા હશે ? કૃષ્ણ પેલા શુક હતા.

૩૦. ભાગવતના લેખક શ્રીઅનન્ત સંકર્ષણના ભક્ત છે આથી તે માટે વારંવાર સ્તુતિ છે.

૩૧. ભાગવત પુરાણનું ધ્યેય સગુણોપાસના ખરી પણ અંતિમ નિર્ણય અદ્વૈત સિદ્ધિ છે.

૩૨. ૪.૨૬ સતી બળી ભસ્મ થયા પછી શક્તિપીઠ કલ્પના નિરાધારને ?

૩૩. ૬.૯.૬ એમ.સી. (રજોદર્શન) વર્ણન પહેલા નહિ હોય શું ? ભૂમ્યમ્બુદ્રુમયોભિદ્‌ભ્યશ્ચતુર્ધા વ્યણજદ્ હરિ।

૩૪. ૭.૫.૩૦ ‘મતિર્નકૃષ્ણે પ્રહ્લાદ કહે છે કૃષ્ણ જન્મ્યા જ નથી. પછી નામ શી રીતે.

૩૫. ૫.૧.૧૬ વલ્લભાચાર્યે ગંગામાં સમાધિ લીધી તે યોગ્ય નથી. મુક્તોપિ ગંગામાં કેમ, યમુનામાં કેમ નહિ ?

૩૬. ૧૦.૧૩ બ્રહ્મા વાછરડા ચોરે છે પણ દેવકી ગર્ભસ્થ પ્રભુનિ સ્તુતિ કરે છે, બ્રહ્મા તે જાણે છે દેહધારી પરમાત્મા છે પછી આ કામ કઈ રીતે યોગ્ય છે.

૩૭. ‘‘પાણિભ્યાં યોનિમાચ્છાદ્ય’’ ચીરહરણમાં વ્યાસજી લખે ખરા.

૩૮. ૧૧.૪ માં કૃષ્ણ અર્જુન નરનારાયણ લખ્યા છે પછી સર્વોત્તમ કેમ ?

૩૯. રાધા કોણ છે. ભાગવતમાં રાધા નામ નથી છતાં મંદિરો તેના ઘણા.

૪૦. સ્કંધ-૫ ની ભૂગોળ વર્તમાનમાં કોઈ બતાવી શકે ખરા ?

૪૧. અપાણિનીય પ્રયોગો જાણીને લખ્યા છે પ્રાચીનતા સિદ્ધ કરવા.

૪૨. ૧૮ હજાર શ્લોકો લખવા પેપરો જ ૧લી સદીમાં આવ્યા છે. વ્યાસજી પછી સૂત્રકાલ છે તેજ બતાવે છે કે પેપરો ત્યારે ન હતા.

૪૩. સમુદ્ર મંથનમાં જેર પ્રવાહી હતું તો દરિયાના જલ સાથે ભળી જાય, યા લોટો વાટકો લઇ ગયેલ કોઈ હોય તો મહાદેવ મુખ સુધી પહોંચને ત્યાં સમર્થ વિષ્ણુ હાજર હતાં છતાં તે વિષ પાન કેમ નથી કરતા.

૪૪. ૧૦૦ વર્ષ સુધી ગજેન્દ્ર અને મગરનું યુદ્ધ ચાલ્યું તે ખાધા વિના મરી ન ગયા બે વર્ષ સુધી ભોજન વિના કોઈ જીવે નહિ.

૪૫. સમુદ્ર મધ્યે નવી નગરી દ્વારકા વસેલી જોઈને ત્યારની પ્રજાને આશ્ચર્ય ન થયું ? અદ્‌ભૂત કાર્ય છતાં બધાય કૃષ્ણને પ્રભુ ન માનતા.

૪૬. બલરામને અવતાર ગણાય તો રામ સાથે લક્ષ્ણાવતાર કેમ નહિ.

૪૭. બલરામ મદિરા બહુ પીતા છતાં લોકો નિંદા કેમ નહિ કરતા હોય, વસુદેવ તો જેલમાં હતાં પછી બલરામ જન્મથી પ્રજાને શંકા કેમ ન થાય.

૪૮. પરીક્ષિતના અવસાનને ભસ્મૂભૂતઃ ગરલાગ્નિ ઝેરથી ભસ્મ થાય.

૪૯. વસુદેવને ૧૮ રાણીઓ. જેલમાં પણ સંતાન પેદા કર્યા. આવા રાગીને ત્યાં ભગવાન્ જન્મ લે તે નવાઈને ?

૫૦. કૃષ્ણ દેહત્યાગ મ.ભા. ભાગવત જુદી જુદી રીતે લખ્યું છે.

૫૧. ૧.૧૩.૪૬ એવં ૬.૪.૯ માં હિંસાને પ્રોત્સાહન છે તે આશ્ચર્ય કહેવાય, ૪.૨૫ માં ૭ અને ૮ માં પશુ હિંસા યજ્ઞમાં થતી તે વર્ણન છે.

અનેક આશંકાઓ છતાં શ્રી ભાગવતમ્ આપણને ભક્તિ જ્ઞાન પ્રેરક જરૂર છે.

# વેદરક્ષામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોનું પ્રદાન

– મહેશ બી. પટેલ, *શોધછાત્ર* -

**– ભૂમિકા :**

અનન્ત સૃષ્ટિની સત્તાનો મૂલાધાર જ્ઞાન છે અને આ જ્ઞાનનો ઉદ્‌ગમ વેદ છે. વેદ એ ભારતીય સંસ્કૃતિ અને ચિન્તન પરંપરાનો પ્રાણ છે. એ જ કારણ છે કે કોઈપણ શાસ્ત્ર કે વિજ્ઞાનના વર્ણન વખતે તે શાસ્ત્ર કે વિજ્ઞાનની ઉત્પત્તિ અને વિકાસનો આદિસ્રોત વેદમાં તપાસવામાં આવે છે.

પ્રાચીનકાળમાં મૌખિક પરંપરા દ્વારા વેદમન્ત્રો અને તેના ઉચ્ચારણવિધિની રક્ષા કરવામાં આવતી, પરંતુ સમયના વિકાસની સાથે ભારતીય બોલચાલની અન્ય ભાષાઓનો વિકાસ થતાં વૈદિક ભાષાની વિશેષતાઓનો હ્રાસ થયો. આથી વેદની પવિત્ર ઋચાઓના યોગ્ય ઉચ્ચારણની રક્ષા માટે, છન્દ, સ્વર અને માત્રા વગેરેના નિયમોના પરિચાયક એવા શિક્ષા, પ્રાતિશાખ્ય અને અનુક્રમણિકા આદિ ગ્રન્થોની રચના કરવામાં આવી.

**– વેદરક્ષામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોના પ્રદાન વિશે પૂર્વાચાર્યોનો મત :**

વેદોની મૌલિક ઉચ્ચારણ પરંપરા અને વૈદિક વિશેષતાઓને ભવિષ્ય માટે સુરક્ષિત રાખવાની સમસ્યા તત્કાલીન આચાર્યો સમક્ષ હતી. તેના સમાધાન માટે પ્રાચીન આચાર્યોએ પ્રાતિશાખ્ય ગ્રન્થોનું પ્રવર્તન કર્યું. વાજસનેય પ્રાતિશાખ્યના ભાષ્યકાર ઉવટે ભાષ્યના આરંભમાં જણાવ્યું છે કે, 'વેદોના સમુચિત પાઠને ન જાણનારો વૈદિક જપાદિ ક્રિયાઓનો અધિકારી બનતો નથી. આથી વેદમંત્રોની સમ્યક્ પાઠસિદ્ધિ માટે વેદના અધ્યેતાએ પ્રાતિશાખ્યશાસ્ત્ર જાણવું જોઈએ.'[१] આનું તાત્પર્ય એવું નીકળે છે કે વેદની સમ્યક્ પાઠસિદ્ધિ પ્રાતિશાખ્યના જ્ઞાન વિના અસંભવ છે. આચાર્ય કાત્યાયનનું કથન છે કે (આ પ્રાતિશાખ્યશાસ્ત્રમાં) વેદના વિષયમાં સ્વર (– ઉદાત્તાદિ સ્વરો) અને સંસ્કાર (– લોપ, આગમ, વર્ણવિકાર તથા પ્રકૃતિભાવ)ના નિયમ કહેવામાં આવે છે.[२] આચાર્ય કાત્યાયનના આ કથનમાંથી એવું ફલિત થાય છે કે પ્રાતિશાખ્યો ઉદાત્તાદિ સ્વરોના નિયમો અને લોપાગમાદિ દ્વારા વેદના બાહ્ય સ્વરૂપની રક્ષા કરે છે. વળી, વર્ણોના દોષોના વિવેચન માટે પણ પ્રાતિશાખ્ય શાસ્ત્રનું અધ્યયન કરવાનું વિધાન છે.[३] કોઈપણ પદના સંબંધમાં જ્યાં સુધી એવું જ્ઞાત નથી થતું કે તેનું સાધુ રૂપ કયું છે અને ઉચ્ચારણ કેવું છે, ત્યાં સુધી તે પદની શુદ્ધતાનું જ્ઞાન થઈ શકતું નથી. પ્રાતિશાખ્ય દ્વારા વૈદિક વર્ણો અને પદોના સાધુ સ્વરૂપનું જ્ઞાન થાય છે. એકવાર પદના સાધુ સ્વરૂપનું જ્ઞાન થઈ જાય ત્યારબાદ તેના દોષોનું વિવેચન કરવું શક્ય બને છે. આ પ્રમાણે વૈદિક વર્ણો અને પદોના શુદ્ધ સ્વરૂપની રક્ષા પ્રાતિશાખ્ય દ્વારા થાય છે.

તૈત્તિરીય પ્રાતિશાખ્ય ૧.૧ પર વૈ. આ. ભાષ્યમાં કહેવામાં આવ્યું છે કે ગુરુત્વ, લઘુતા ઇત્યાદિના જ્ઞાન માટે પ્રાતિશાખ્ય નામના લક્ષણ ગ્રંથનો પ્રારંભ કરવામાં આવ્યો છે.[४] તૈત્તિરીય પ્રાતિશાખ્ય ૨૪.૫ માં

---

१. जपादौ नाधिकारोऽस्ति सम्यक्पाठमजानतः ।
प्रातिशाख्यमतो ज्ञेयं सम्यक्पाठस्य सिद्धये ॥

२. स्वरसंस्कारयोश्छन्द सि नियमः ॥ वा. प्रा. १.१.

३. वर्णदोषविवेकार्थम् ॥ वा. प्रा. १.२६

४. अथ किमर्थं.....वक्ष्यति ॥ वा. प्रा. १.१. पर वै.आ.

 ISSN : 2249 - 9369

વિધાન કરવામાં આવ્યું છે કે વૈદિક ભાષાના અધ્યેતાએ ગુરુત્વ, લઘુતા, સામ્ય, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, લોપ, આગમ, વિકાર, પ્રકૃતિ, વિક્રમ, ક્રમ, સ્વરિત, ઉદાત્ત, શ્વાસ, નાદ અને અંગ આ બધાને જાણવા જોઈએ.[૫] તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં એમ પણ કહેવાયું છે કે જે પદપાઠ અને ક્રમપાઠના ભેદને જાણે છે, જે સ્વર અને માત્રાના વિભાગમાં વિચક્ષણ છે તે આચાર્યત્વને પ્રાપ્ત કરે છે.[૬] તૈત્તિરીય પ્રાતિશાખ્યના ઉપર્યુક્ત વિધાનોથી એમ ફલિત થાય છે કે આચાર્યત્ત્વની પ્રાપ્તિ એ ગુરુત્ત્વ, લઘુતા ઇત્યાદિના જ્ઞાનથી સાપેક્ષ છે. ગુરુત્ત્વ, લઘુતા વગેરેનું સમ્યક્ જ્ઞાન પ્રાતિશાખ્યશાસ્ત્ર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. જો કે ગુરુત્ત્વાદિ વિષયોનું પ્રતિપાદન શિક્ષા અને વ્યાકરણ વગેરે શાસ્ત્રોમાં પણ કરવામાં આવ્યું છે. પરંતુ ત્યાં આ વિષયોનું પ્રતિપાદન વિપ્રકીર્ણ હોવાથી, તેમાં ચોક્કસ વિષય-વિભાગ ન હોવાથી અને શાખા કે ચરણાનુસારી વિશેષ વિધાન ન હોવાથી તેનું ગ્રહણ થઈ શકતું નથી. જ્યારે પ્રાતિશાખ્ય શાસ્ત્રમાં આ વિધાન શાખા કે ચરણાનુસારી, સુવ્યવસ્થિત, સુસંબદ્ધ અને વિશેષ રૂપથી કરવામાં આવ્યું છે. જેનાથી વિષયનું ગ્રહણ સરળતાથી થઈ શકે છે. ઋક્પ્રાતિશાખ્ય ભાષ્યમાં ઉવટે નોધ્યું છે કે શિક્ષા, છન્દ અને વ્યાકરણ દ્વારા સામાન્યરૂપથી કહેવાયેલા લક્ષણ, તે આ શાખામાં આ પ્રકારે છે એનું વિધાન કરવું એ પ્રાતિશાખ્ય શાસ્ત્રનું પ્રયોજન છે.[૭]

**– વેદરક્ષામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોના પ્રદાન અંગે અર્વાચીન વિદ્વાનોના મત :**

૧) वेदों के शुद्ध उच्चारण के लिये आवश्यक ध्वनि शास्त्रीय अध्ययन प्रातिशाख्यों में है। ... प्राचीन उच्चारण के परिज्ञान के लिये ये ग्रन्थ हमारे लिये अत्यन्त महत्त्वपूर्ण सामग्री है।

— संस्कृतभाषा - टी. बरो. (अनुवादक-डॉ. भोलाशंकर व्यास) पृष्ठ-५७

टी. બરોનું આ વિધાન વેદમન્ત્રોના શુદ્ધ ઉચ્ચારણને અદ્યાવધિ સુરક્ષત રાખવામાં પ્રાતિશાખ્યોના મહત્ત્વને દર્શાવે છે.

૨) वेदों की सुरक्षा और अर्थबोध के लिये पदपाठ का विशेष महत्त्व है। पदपाठ के आधार पर क्रमपाठ, जटापाठ, घनपाठ इत्यादि पाठों का प्रचलन हुआ जिनके द्वारा वेदों की रक्षा में विशेष सहायता मिलती है। ... प्रातिशाख्यों के नियम सर्वथा पदपाठ पर आश्रित है।

— वैदिक व्याकरण-डॉ. रामगोपाल, पृष्ठ-१८५

ડૉ. રામગોપાલ પદપાઠમાંથી સંહિતાપાઠના નિર્માણના નિયમોના વિધાન દ્વારા વેદરક્ષામાં પ્રાતિશાખ્યના પ્રદાનનો નિર્દેશ કરે છે.

---

૫. गुरुत्वं लघुता साम्यं ह्रस्वदीर्घप्लुतानि च।
लोपागमविकाराश्च प्रकृतिर्विक्रमः क्रमः॥
स्वरितोदात्तनीचत्त्वं श्वासो नादोऽङ्गमेव च।
एतत्सर्वं तु विज्ञेयं छन्दोभाषामधीयता॥ तै.प्रा. २४.४-५

૬. पदक्रमविशेषज्ञो वर्णक्रमविचक्षणः।
स्वरमात्राविभागज्ञो गच्छेदाचार्यसंसदं॥ तै.प्रा. २४.६

૭. शिक्षाच्छन्दोव्याकरणैः सामान्येनोक्तलक्षणम्।
तदेवमिह शाखायामिति शास्त्रप्रयोजनम्॥

३) प्रातिशाख्यों के माध्यम से एक ओर तो भारत में वैदिक व्याकरण संबंधी अध्ययन के इतिहास का श्रीगणेश होता है और दूसरी ओर वेदों को शाश्वत बनायें रखने के कारण वेदों के अमूल्य-निधि के स्वरूप दृष्टिगत होते हैं।

— प्रातिशाख्यों में प्रयुक्त पारिभाषिक शब्दों का आलोचनात्मक अध्ययन-डॉ. इन्द्रा, पृष्ठ-०५

વેદોને શાશ્વત બનાવવામાં પ્રાતિશાખ્યોના પ્રદાનને ડૉ. ઇન્દ્રા પણ સ્વીકારે છે.

४) भाषा के बाहरी स्वरूप को जानने के लिए जितना महत्त्व व्याकरण का है, उतना ही महत्त्व वेदमन्त्रों के बाहरी स्वरूप को जानने के लिए प्रातिशाख्यों का है। ... विन्टरनित्स जैसे विद्वानों ने प्रातिशाख्यों के महत्त्व का निरुपण दो दृष्टियों से किया है। ... दूसरे प्रातिशाख्यों का महत्त्व वैदिक संहिताओं के मूल स्वरूप को आजतक सुरक्षित रखने में निहित है।

— ऋक्प्रातिशाख्य और अष्टाध्यायी का तुलनात्मक अध्ययन, डॉ. मांगेराम यादव, पृष्ठ ३.४

ડૉ. માંગેરામ યાદવ વૈદિક ભાષાના બાહ્ય સ્વરૂપને સમજવામાં અને સંહિતાઓની સુરક્ષામાં પ્રાતિશાખ્યોનું મહત્ત્વ સ્વીકારે છે.

५) The Pratisakhyas, besides giving general rules for the proper pronunciation of the vedic language in general, were intended to record what was peculiar in the pronunciation of certain teachers and their Schools.

– A History of Ancient Sanskrit literature Muller, page -119.120

મ્યૂલર પણ વેદમન્ત્રોના ઉચ્ચારણમાં પ્રાતિશાખ્યોના પ્રદાનને સ્વીકારે છે.

**– વેદરક્ષામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોનું પ્રદાન :**

પ્રાતિશાખ્યોમાં મુખ્યત્ત્વે નિમ્નલિખિત વિષયોને ધ્યાનમાં રાખીને વેદરક્ષાનું વિધાન કરવામાં આવ્યું છે.

**(૧) વર્ણ અને વર્ણોચ્ચારણ વિચાર :**

પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં વેદની વિભિન્ન શાખાઓને માન્ય એવા વર્ણોની વિવેચના કરવામાં આવી છે. લૌકિક અને વૈદિક વર્ણોની જેમ જ વેદની બધી શાખાઓમાં પણ વર્ણોની સંખ્યા અને ઉચ્ચારણની બાબતોમાં સમાનતા જોવા મળતી નથી[૮] જેમ કે વાજસનેયી પ્રાતિશાખ્યમાં વર્ણોની સંખ્યા ૬૫ છે, જેમાં સ્વરો ૨૩ અને વ્યંજનોની સંખ્યા ૪૨ છે.[૯] જ્યારે તૈત્તિરીય પ્રાતિશાખ્યના ત્રિભાષ્યરત્ન પ્રમાણે તૈ. સં માં વર્ણોની સંખ્યા ૬૦ છે. જેમાં સ્વરો ૧૬ અને વ્યંજનો ૪૪ છે.[૧૦] અહીં સ્પષ્ટ પણે શુક્લ યજુર્વેદના વાજસનેય પ્રાતિશાખ્ય અને કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં સ્વરો અને વ્યંજનોની સંખ્યામાં તફાવત જોવા મળે છે. આ અસમાનતા શાખાગત છે. ઋક્પ્રાતિશાખ્યમાં સ્વર ૧૨ અને વ્યંજનોની સંખ્યા ૩૬ છે.[૧૧] પાણિનીય શિક્ષામાં

८. विशेष दृष्टव्य - प्रातिशाख्यों तथा शिक्षाग्रन्थो में विहित ध्वनिविज्ञान। पृ. ५१ से ७८

९. त्रयोविंशतिरुच्यन्ते स्वराः शब्दार्थचिन्तकैः द्वाचत्वारिंशद् व्यंजनानि एतावान्वर्णसंग्रहः ॥ वा. प्रा. ८.२८

१०. तै. प्रा. १.१ पर त्रिभाष्यरत्न

११. ऋग्वेदप्रातिशाख्य-एक परिशीलन, पृ. ७ से १३.

વર્ણોની સંખ્યા ૬૩ કે ૬૪ કહી છે.[૧૨] આમ જોતાં બધાં પ્રાતિશાખ્યો પોતપોતાની શાખાના સ્વરો અને વ્યંજનોનું પરિગણન કરે છે. ઋક્પ્રાતિશાખ્ય એ ઉષ્મવર્ણોની સંખ્યા આઠ માની છે.[૧૩] જે અન્યત્ર જોવા મળતી નથી. આમ પોતાની શાખાની સંહિતાના વર્ણોની સુરક્ષા એ પ્રાતિશાખ્ય ગ્રન્થોનું પ્રાથમિક પ્રયોજન છે.

શતપથ બ્રાહ્મણનો મત છે કે અસુર લોકો અશુદ્ધ ઉચ્ચારણના કારણે પરાભૂત થયા. આથી બ્રાહ્મણે ક્યારેય વાણીને મ્લેચ્છિત ન કરવી.[૧૪] આમ, અતિ પ્રાચીનકાળથી જ વેદમન્ત્રોના શુદ્ધ ઉચ્ચારણને સવિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વર્ણોની સંખ્યાની જેમ જ દરેક શાખામાં વર્ણોના ઉચ્ચારણમાં પણ કેટલીક વિશેષતાઓ જોવા મળે છે. જેની સુવ્યવસ્થિત નોંધ પ્રાતિશાખ્ય ગ્રન્થોમાંથી પ્રાપ્ત થાય છે. શુદ્ધ ઉચ્ચારણની વિવેચના ઉપરાન્ત ઉચ્ચારણદોષોનું વિવરણ પણ આ ગ્રન્થોમાંથી મળે છે.

ઋક્પ્રાતિશાખ્ય પ્રમાણે પાદની છન્દઃપરિમાણની દૃષ્ટિએ જ્યાં અક્ષરની ન્યૂનતા જણાય ત્યાં પાદને પૂર્ણ કરવા માટે અક્ષરોને પૃથક્ કરી દેવા અને સંયુક્ત વ્યંજનોમાં આવેલા य्, व् સ્થાને इय्, उव् નું ઉચ્ચારણ કરવું.[૧૫] જેમ કે, त्र्यम्बकं यजामहे ને त्रियम्बकं यजामहे। ઋ. ૭.૫૯.૧૨ આ ઉદાહરણ ગાયત્રી છન્દના એક પાદનું છે. અમુક વિશેષ પરિસ્થિતિમાં ઉચ્ચારણના વિધાન ઉપરાન્ત પ્રાતિશાખ્ય ગ્રન્થો તદ્ તદ્ શાખામાં વ્યંજનો અને સ્વરોના ઉચ્ચારણમાં જે વિવિધતા કે વિશેષતા છે, તેની સુવ્યવસ્થિત નોંધ આપે છે. જેમ કે અન્તઃસ્થ વર્ણો અને ઉષ્મવર્ણોના ઉચ્ચારણમાં દરેક પ્રાતિશાખ્ય ગ્રન્થમાં પ્રાયઃ અસમાનતા જોવા મળે છે.[૧૬] વળી, પ્રાતિશાખ્યો ઉદાત્તાદિ સ્વરોના ઉચ્ચારણનું પણ વિધાન કરે છે.

**(૨) સ્વરવિચાર :**

વ્યાકરણાદિમાં કહેવાયેલ પ્રકૃતિ-પ્રત્યય વિભાગ કાલ્પનિક હોવાથી ક્વચિત્ તેનો ત્યાગ શક્ય છે. પરંતુ સ્વર તો શબ્દોનો પોતાનો ઉચ્ચારણધર્મ છે. તે બહારનો અંશ નથી. આથી સ્વરનો પરિત્યાગ કોઈપણ અવસ્થામાં થઈ શકતો નથી.[૧૭] સ્વરભિન્ન વૈદિક ભાષા કલ્પી શકાય તેમ નથી. આમ વૈદિક ભાષામાં સ્વરોનું ખૂબ જ મહત્ત્વ છે. વેદમન્ત્રોના ગાન વખતે સ્વરના ઉચ્ચારણમાં નાની સરખી ત્રુટિને પણ અનર્થ ગણવામાં આવે છે.

પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં સ્વરોનું વિવરણ વિસ્તારપૂર્વક અને વૈજ્ઞાનિક ઢબે કરવામાં આવ્યું છે. વ્યાકરણાદિમાં સ્વરમીમાંસા સર્વ સામાન્યરૂપથી કરવામાં આવી છે. પરન્તુ સ્વરોનું શાખાનુસારી પ્રવચન તો પ્રાતિશાખ્ય ગ્રન્થોમાંથી પ્રાપ્ત થાય છે. સ્વરો એ વૈદિક ભાષાનું અવિભાજ્ય અંગ છે. સ્વરભેદથી અર્થભેદ થતો હોવાથી વેદાર્થઘટનમાં સ્વરજ્ઞાન અત્યન્ત આવશ્યક માનવામાં આવે છે. જેમ કે **यमः** શબ્દ આદ્યુદાત્ત હોય ત્યારે येन गच्छति એવો કરણમૂલક અર્થ આપે છે, જ્યારે આજ **यमः** શબ્દ અન્તોદાત્ત હોતાં वैवस्वत અર્થનો દ્યોતક બને છે. પ્રાતિશાખ્ય ગ્રન્થો સ્વરજ્ઞાનના વિધિરૂપ શાસ્ત્રો છે. જેમાં સ્વરવિષયક વિવેચના વિસ્તારપૂર્વક કરવામાં આવી છે.

---

१२. त्रिषष्टिश्चतुषष्टिर्वा वर्णाः शम्भुमते मताः । पा. शि. ३
१३. ऋग्वेद प्रातिशाख्य-एक परिशीलन, पृ. १४
१४. वैदिक व्याकरण भाग-१, पृ. ३
१५. ऋ.प्रा. १७.२२-३३, तथा ८.४०
१६. विशेष दृष्टव्य-वैदिक व्याकरण भाग-१, पृ. ३ से २३
१७. वैदिक स्वरमीमांसा, पृ. ३ पर टिप्पणी

તૈત્તિરીય પ્રાતિશાખ્ય પ્રમાણે સ્વરોની સંખ્યા ચાર છે.[१८] તૈત્તિરીય પ્રાતિશાખ્ય ૨૩.૧૬ પ્રમાણે આહ્વરક શાખામાં સ્વરોની સંખ્યા ત્રણ છે. વાજસનેયી પ્રાતિશાખ્યમાં ક્રમશઃ સાત ૧.૧૨૭, ત્રણ ૧.૧૨૮, બે ૧.૧૨૯ અને એક ૧.૧૩૦ સ્વરોનો ઉલ્લેખ મળે છે. પરંતુ ૧.૧૨૮ પર ઉવટ જણાવે છે કે યજુર્વેદમાં ઉદાત્તાદિ ત્રણ સ્વરો છે.[१९] સમગ્ર વૈદિક સાહિત્યમાં ઉદાત્તાદિ ત્રણ સ્વરોને જ મુખ્ય ગણવામાં આવે છે. આ સ્વરોમાં ઉચ્ચારણ વૈવિધ્ય છે. જો કે સમ્પ્રતિ ઉદાત્તાદિ સ્વરોનું ઉચ્ચારણ લુપ્તપ્રાય હોવાથી તે હસ્તચાલન દ્વારા દર્શાવાય છે. આમ છતાં સ્વરોના ઉચ્ચારણના સંદર્ભે પ્રાતિશાખ્યોમાં નીચેની બાબતોનો ઉલ્લેખ મળે છે.

- ઋક્પ્રાતિશાખ્ય અનુસાર આયામ (—વાયુના કારણે શરીરાવયવોનું થનારું ઊર્ધ્વગમન) વિશ્રમ્ભ (—વાયુના કારણે શરીરાવયવોનું થનારું અધોગમન) અને આક્ષેપ (—વાયુના કારણે શરીરાવયવોનું થતું તિર્યગ્ગમન)થી અનુક્રમે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતનું ઉચ્ચારણ થાય છે.[२०]
- વાજસનેય પ્રાતિશાખ્ય પ્રમાણે આયામ (—ગાત્રોના ઊર્ધ્વગમન)થી ઉદાત્ત, માર્દવ (—ગાત્રોના અધોગમન)થી અનુદાત્ત અને બંનેના સમાહારથી ઉચ્ચરિત સ્વર સ્વરિત છે.[२१]
- તૈત્તિરીય પ્રાતિશાખ્ય અનુસાર ગાત્રોના નિગ્રહ, સ્વરની રુક્ષતા અનં કંઠના સંકોચથી ઉદાત્ત સ્વરનું ઉચ્ચારણ થાય છે[२२] તથા ગાત્રોનું ઢીલાપણું, સ્વરની મૃદુતા અને કંઠનો વિકાસ, આ પ્રયત્નોથી અનુદાત્ત સ્વરનું ઉચ્ચારણ થાય છે.[२३]
- પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં સ્વરિત સ્વરના ઉચ્ચારણ અને તેના ભેદપ્રભેદની સવિસ્તર વિવેચના પ્રાપ્ત થાય છે.[२४]

પ્રાતિશાખ્ય ગ્રન્થો સ્વરોના ઉચ્ચારણની પરંપરાને અક્ષુણ્ણ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. વેદમન્ત્રોના શુદ્ધ ગાનની પરંપરાને અદ્યાવધિ જાળવી રાખવામાં પ્રાતિશાખ્ય ગ્રન્થોએ અગત્યની ભૂમિકા ભજવી છે એમાં સંશય નથી.

**(૩) સન્ધિવિચાર :**

પ્રાતિશાખ્ય ગ્રન્થોની સન્ધિવિષયક વિચારણા અત્યન્ત વિશાળ છે. આ ગ્રન્થોનું મુખ્ય પ્રયોજન પદપાઠમાંથી સંહિતાપાઠનું નિર્માણ કરવાનું હોવાથી તેની સન્ધિવિષયક વિચારણા વિશદ છે. તેમાં સન્ધિવિધાનોની સાથે સાથે તદન્તર્ગત થનારા દીર્ઘત્વ, હ્રસ્વત્વ, લોપ, આગમ, પ્રકૃતિભાવ, નતિ, વિસર્જનીયના વિકારો, સ્વરોમાં થનારા વિકારો આદિની સુવ્યવસ્થિત નોંધ જોવા મળે છે.

પ્રાતિશાખ્યકારો પદોને સંહિતાની પ્રકૃતિ માનીને પદોના આધાર પર સંહિતા સંબંધી વિકારોનું વ્યાખ્યાન કરે છે. આથી સંહિતાપાઠની સુરક્ષામાં પ્રાતિશાખ્ય સાક્ષાત્ ઉપકારક બને છે. તૈત્તિરીય પ્રાતિશાખ્ય (૨૪.૧ થી

१८. तैत्ति. प्राति. २३.१८ से २०
१९. वाज. प्राति. १.१२८ पर उवट
२०. ऋ. प्रा. ३.१ तथा ३.१ पर उवट
२१. दृष्टव्य – वाज. प्राति. १.१०८ से ११० तथा उवट भाष्य
२२. आयामो दारुण्यमणुता खस्येच्त्युच्चैःकराणि शब्दस्य । तै. प्रा. २२.९
२३. अन्ववसर्गो मार्दवमरुता खस्येति नीचैःकराणि । तै. प्रा. २२.१०
२४. विशेष दृष्टव्य – वैदिक व्याकरण भाग–२, पृ. ८४४ से ८८२

૪) અનુસાર પદસંહિતા, અક્ષરસંહિતા, વર્ણસંહિતા અને અંગસંહિતા, આ ચાર સંહિતાના પ્રકારો છે.[૨૫] તૈત્તિરીય પ્રાતિશાખ્યના પાંચથી નવ, ૨ અગિયાર, બાર અને તેરમા અધ્યાયના આરંભમાં પદસંહિતા, દશમા અધ્યાયમાં અક્ષરસંહિતા, તેરમા, ચૌદમા અને સોળમા અધ્યાયમાં વર્ણસંહિતા તથા એકવિસમા અધ્યાયમાં અંગસંહિતાની વિસ્તૃત વિવેચના કરવામાં આવી છે.[૨૬] ઋક્પ્રાતિશાખ્યમાં ભાષ્યકાર ઉવટે આર્ષીસંહિતા અને ક્રમસંહિતા એમ સંહિતાના બે પ્રકાર દર્શાવ્યા છે.[૨૭] જ્યારે વાજસનેય પ્રાતિશાખ્યમાં આવા કોઈ ભેદ દર્શાવવામાં આવ્યા નથી પરંતુ તેમાં સ્વરસંધિ, વ્યંજનસન્ધિ, સ્વર-વ્યંજનસન્ધિ અને વ્યંજન-સ્વરસન્ધિ, આવી ચાર સન્ધિઓ ઉવટે દર્શાવી છે.[૨૮] પ્રાતિશાખ્ય ગ્રન્થોએ તો પોત-પોતાની સંહિતાઓમાં આવનારા પદાદિ અને પદાન્તીય વર્ણોની ગણતરી કરીને તેના માટે સંહિતાની વિચારણા કરી છે.[૨૯] જેમ કે અ. પ્રા. (૧.૫) લકારને પદાન્તીય માને છે અને અથર્વવેદમાં बाल् (૧,૩,૧) शल् (૨૦,૧૩૫,૧) વગેરે લકારાન્ત ઉદાહરણો મળે છે. પરંતુ ઋક્પ્રાતિશાખ્ય તથા વાજસનેય પ્રાતિશાખ્ય લકારને પદાન્તીય માનતા નથી. કારણ કે તેમની સંહિતાઓમાં પદાન્તીય લકારનું ઉદાહરણ મળતું નથી.[૩૦]

પદપાઠમાંથી સંહિતાપાઠનું નિર્માણ કરતી વખતે વર્ણોમાં જે પરિવર્તન-વિકારો આવે છે તેની નોંધ રાખીને પ્રાતિશાખ્ય ગ્રન્થો સંહિતાની અક્ષુણ્ણ પરંપરાને જાળવી રહ્યાં છે. આજે આપણી સમક્ષ સંહિતાઓ જે સ્વરૂપે વિદ્યમાન છે, બરાબર પ્રાતિશાખ્યોના કાળમાં પણ સંહિતાઓનું સ્વરૂપ આજ રહ્યું હશે એમાં સંશય નથી.

**(૪) પદ-ક્રમ-જટાદિ પાઠ વિચાર :**

વેદના પદોના અર્થમાં ઋષિઓને જ્યારે સન્દેહ થવા લાગ્યો હશે ત્યારે તેમને પદપાઠની આવશ્યકતા જણાઈ હશે. જેનાથી સંહિતાના વિષયમાં થનારા વિભિન્ન પદવિકારોથી મુક્ત એવા શુદ્ધ પદનું જ્ઞાન થઈ શકે. અ. પ્રાતિ. અનુસાર પદોના આદિ, અન્ત, શુદ્ધ સ્વરૂપ (–શબ્દ), સ્વર તથા અર્થના જ્ઞાન માટે પદપાઠનું અધ્યયન કરવામાં આવે છે.[૩૧] સંહિતાની સુરક્ષા તથા અર્થઘટન માટે પદપાઠનું સવિશેષ મહત્ત્વ છે. તથા પદપાઠના આધારે ક્રમ-જટાદિ પાઠોનું પ્રચલન થતું હોવાથી વેદરક્ષાને વિશેષ સહાયતા પ્રાપ્ત થાય છે અને આગળ જોયું તે પ્રમાણે પ્રાતિશાખ્ય ગ્રન્થો પદપાઠ પર આશ્રિત છે.

સામવેદ તથા તૈત્તિરીય સંહિતાનો પદપાઠ ઋગ્વેદ, અથર્વવેદ તથા વાજસનેય સંહિતાના પતપાઠ કરતાં ભિન્ન છે. જેનું કારણ વેદના પદોના અર્થઘટનમાં જોવા મળતો મતભેદ હોઈ શકે. પ્રાતિશાખ્ય ગ્રન્થોના નિયમો પોતાની શાખાના વિશેષ વિધાનો, તે વિધાનોની વિશેષતાઓને ઉલ્લિખિત કરે છે. જેમ કે અ.પ્રા.નો મત છે કે उद् ઉપસર્ગ સાથે हन्, ह, स्था કે स्तम्भ ધાતુના સમાસમાં ઉપસર્ગને અવગ્રહ દ્વારા પૃથક્ કરવામાં આવતો નથી.

૨૫. पदसंहिता अक्षरसंहिता वर्णसंहिता अङ्गसंहिता चेति । तै. प्रा. २४.२
૨૬. तै. प्रा. २४.२ पर त्रिभाष्यरत्न
૨૭. ऋग्वेदप्रातिशाख्य–एक परिशीलन, पृ. ११५
૨૮. वाज. प्राति. ३.३ पर उवट
૨૯. विशेष दृष्टव्य – वैदिक व्याकरण, पृ. ७८.७९
૩૦. वैदिक व्याकरण । भाग–१, पृ. ७८
૩૧. वैदिक व्याकरण । भाग–१, पृ. १८४

પરંતુ આજ બાબતે વાજસનેય પ્રાતિશાખ્યનું કથન છે કે આદિભાગના વિષયમાં સંશય હોવાથી उत्तम्भन, उत्थान, उत्थित આદિમાં અવગ્રહ થતો નથી વગેરે. પરંતુ તૈત્તરીય સંહિતામાં આને અવગ્રહ દ્વારા દર્શાવાય છે.[32] એ જ પ્રમાણે અ. પ્રાતિ. વાજ. પ્રાતિ. પ્રમાણે પદપાઠમાં अन् ધાતુથી બનેલાં રૂપોની સાથે प्र ઉપસર્ગના સમાસમાં અવગ્રહ થતો નથી. જેમ કે, प्राणन्ति (अ. १३.३.३.) प्राणः (वा. सं. २०.६) વગેરે પરંતુ તૈત્તિરીય સંહિતામાં તેને અવગ્રહથી દર્શાવાય છે.[33] વગેરે.

પદપાઠની વેદરક્ષામાં શું ઉપાદેયતા છે, તેના આધારે પ્રાતિશાખ્ય ગ્રન્થોની વેદરક્ષામાં ઉપાદેયતા જાણી શકાશે. નિમ્નલિખિત બાબતો પદપાઠની વેદરક્ષામાં ઉપાદેયતા દર્શાવે છે.

– વાજસનેય પ્રાતિશાખ્ય ૪.૧૮૨ પર ભાષ્યકાર ઉવટનું કથન છે કે સંહિતાગત મન્ત્રોના અર્થનું સુસ્પષ્ટ જ્ઞાન પદપાઠથી થાય છે.
– પદનુંમૂળ સ્વરૂપ શું છે, તેનું સ્પષ્ટ જ્ઞાન પદપાઠથી જ સંભવ છે.
– પદપાઠથી પદના પ્રકૃતિ-પ્રત્યયની મહત્ત્વપૂર્ણ જાણકારી મળે છે. જેનાથી અર્થ પ્રાપ્ત કરવામાં સહાયતા થાય છે.
– પદપાઠ દ્વારા વૈદિક શબ્દરાશિની સુરક્ષા સમ્યક્ પ્રકારે થઈ શકે છે. પદપાઠથી ક્રમ, જટા, માલાદિ પાઠોનું પ્રચલન થતું હોવાથી વેદના વર્ણ, સ્વર વગેરેની અવિસ્મયકારી રક્ષા થઈ શકે છે.

હવે પ્રાતિશાખ્યોના નિયમોનો આધાર પદપાઠ છે.[34] પ્રાતિશાખ્ય પદપાઠમાંથી સંહિતાપાઠના નિર્માણના નિયમોનું વિધાન કરે છે. આથી પ્રાતિશાખ્ય ગ્રન્થો પદપાઠના નિયમોના વિધાન દ્વારા વેદરક્ષામાં સહાયક બને છે. વળી, પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં પદપાઠ ઉપરાન્ત ક્રમપાઠ, જટાપાઠ વગેરેનું પણ વિધાન થયું છે. વાજસનેય પ્રાતિશાખ્ય અનુસાર ક્રમપાઠનું પ્રયોજન સ્મૃતિ છે.[35] વળી, સંહિતાપાઠના અવસાનોનું પણ ક્રમપાઠમાં સંરક્ષણ થાય છે.[36] ક્રમપાઠમાં બે પદોનો સન્ધિ સહિત પાઠ થતો હોવાથી પદ અને સંહિતા બંનેનું સ્વરૂપ તેમાં લક્ષિત થાય છે. આમ ક્રમપાઠ એ પદપાઠ અને સંહિતાપાઠનો મધ્યવર્તિ છે. ક્રમપાઠ પણ પ્રાતિશાખ્ય ગ્રન્થોનો વિષય છે. ઋક્પ્રાતિશાખ્યમાં ક્રમપાઠની વિસ્તૃત વિવેચના પ્રાપ્ત થાય છે.

**(૫) વેદાધ્યયન વિચાર :**

પ્રાચીનકાળથી જ વેદોની રક્ષા માટે અધ્યયન-અધ્યાપનની મૌખિક પરંપરાનો આરંભ થયેલો છે. વર્ણ, પદ, સન્ધિ, સ્વર, છન્દ તથા પદ-ક્રમ-જટાદિ પાઠના સિદ્ધાન્તોની સાથે સાથે પ્રાતિશાખ્ય ગ્રન્થોએ આ પ્રાચીન મૌખિક પરંપરાને પણ ઉલ્લિખિત કરી છે. જેમાં ગુરુ અને શિષ્યની યોગ્યતાઓ વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે. તદુપરાંત વૈદિક સંહિતાઓના પઠન-પાઠનની વિધિ, પાઠ્યવસ્તુ, પાઠ્યક્રમ ઇત્યાદિની વિવેચના પ્રાપ્ત થાય

---

३२. दृष्टव्य – वैदिक व्याकरण । भाग-१, पृ. १९६ तथा पृ. २११ पर टिप्पणी-२८
३३. दृष्टव्य – वैदिक व्याकरण । भाग-१, पृ. १९५ तथा पृ. २११ पर टिप्पणी-२६ तथा तै.सं. ५.२.१०
३४. पदप्रकृतीनि सर्वचरणानां पार्षदानि । नि. १.१७
३५. क्रमः स्मृतिप्रयोजनः । वाज.प्राति. ४.१८२
३६. अवसानार्थं पुनर्ग्रहणम् । वाज.प्राति. ४.१७९

છે. પ્રાતિશાખ્ય ગ્રન્થોએ આવી પ્રક્રિયાઓના નિર્દેશ દ્વારા મૌખિક પરંપરાને સુદૃઢ બનાવી છે. પ્રમુખ પ્રાતિશાખ્ય ગ્રન્થોના વેદાધ્યયન અંગેના વિધાનો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

– ઋ.પ્રા. પ્રથમ ગુરુ-શિષ્યની યોગ્યતાના વિચાર કરી, સૌપ્રથમ શિષ્ય ગુરુ સમીપ જઈને 'હે ભગવન્, ભણાવો' એમ પ્રાર્થના કરશે. તત્પશ્ચાત્ ગુરુ ૐ કારનું ઉચ્ચારણ કરીને ભણાવવાની શરૂઆત કરશે વગેરે વિધાનો કરવામાં આવ્યાં છે. અહીં અધ્યયન-અધ્યાપનની પાઠ્યવસ્તુ ઋગ્વેદ છે.
– વાજસનેય પ્રાતિશાખ્યમાં પાદશુદ્ધિ, આચમન ઈત્યાદિથી પવિત્ર અવસ્થામાં વેદાધ્યયનને વિશેષ મહત્ત્વ અપાયું છે.[૩૭] સ્થાનશુદ્ધિ, આસન, ઋતુ અને કાળને મહત્ત્વના માનવામાં આવ્યા છે.[૩૮] વેદાધ્યયનનો આરંભ ૐ કારનું ઉચ્ચારથી કરવાનું વિધાન છે.[૩૯] અધ્યયકાળમાં અધ્યેતાએ એક યોજનથી વધારે પગે ચાલવું નહીં તેમ જ મધુર અને સ્નિગ્ધ ભોજનનું પણ વિધાન વાજસનેય પ્રાતિશાખ્યમાં કરવામાં આવ્યું છે. અહીં વેદાધ્યયનનું ફળ પણ દર્શાવાયું છે.

**(૬) છન્દોવિચાર :**

વૈદિક સંહિતાઓનો અધિકતર ભાગ છન્દોબદ્ધ છે. સંપૂર્ણ ઋગ્વેદ છન્દોબદ્ધ છે. વેદમન્ત્રોના શુદ્ધ ઉચ્ચારણ માટે છન્દોનું સમ્યક્ જ્ઞાન અત્યન્ત આવશ્યક છે. વળી, પરંપરામાં એવું માનવામાં આવે છે કે વેદમંત્રના ઋષિ, દેવતા અને છંદને નહીં જાણનારો અધ્યેતા અને અધ્યાપક બંને પાપી બને છે.[૪૦] અર્થાત્ વેદના અધ્યયન-અધ્યાપન, પઠન-પાઠન માટે છંદોનું જ્ઞાન આવશ્યક છે. વેદના છંદજ્ઞાન માટે એક અલગ વેદાંગ હોવા છતાં વેદના સર્વસામાન્ય વિષય તરીકે ઋક્પ્રાતિશાખ્યમાં છંદવિષયક વિચારણા પ્રાપ્ત થાય છે. અન્ય પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં છંદ અંગે કોઈ જ વિમર્શ મળતો નથી. વૈદિક સાહિત્યમાં અનેક છંદો દૃષ્ટિગોચર થાય છે પરંતુ અધિકતર મંત્રો ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુપ્, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ્ અને જગતી, આ સાત છંદોમાં રચાયા છે.

વૈદિક છન્દોમાં બે બાબતો મહત્ત્વની છે. (૧) પાદ સંખ્યા અને (૨) અક્ષર સંખ્યા.

**(૧) પાદ સંખ્યા**

નિશ્ચિત અક્ષરોના સમૂહને પાદ કહેવામાં આવે છે. પાદનો અર્થ થાય છે 'પગ' જે રીતે પગથી પ્રાણીને ગતિ પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે પાદના માધ્યમથી છન્દ ગતિ(-લય)ને પ્રાપ્ત કરે છે.

જો કે વૈદિક છન્દોની પાદસંખ્યા અંગે મતભેદ પ્રવર્તે છે. આમ છતાં ઋક્પ્રાતિશાખ્ય ૧૭.૩૭-૩૮ અનુસાર ૮ અક્ષરો તેમજ ૧૦ અક્ષરોના પાદોને ક્રમશઃ ગાયત્રીપાદ અને વૈરાજપાદ નામથી જાણવા જોઈએ. એ જ પ્રકારે ૧૧ અક્ષરો તથા ૧૨ અક્ષરોના પાદને અનુક્રમે ત્રૈષ્ટુભ

३७. वाज.प्राति. १.२०, ८.२७
३८. वाज.प्राति. १.२२, २३
३९. वाज.प्राति. १.१६
४०. अविदित्त्वा ऋषिच्छन्दो दैवतं योगमेव च ।
योऽध्यापयेज्जपेद्वापि पापीयान्जायते सः ॥

અને જગતીપાદ જાણવા જોઈએ.[૪૧] ઋક્પ્રાતિશાખ્ય પ્રમાણે અન્ય બીજા પાદ આ ચાર પાદના જ વિકાર છે. આ ઉપરાન્ત ઋક્પ્રાતિશાખ્યમાં પાદમાં થનારા ગુરુ-લઘુભાવ, પાદવ્યવસ્થા તેમજ વિભિન્ન છન્દો વિષયક વિચારણા કરવામાં આવી છે.

**(૨) અક્ષરસંખ્યા :**

કેટલાક છન્દોનું સ્વરૂપ અક્ષરોની સંખ્યાના આધારે નિશ્ચિત કરવામાં આવે છે. ઘણીવાર આવા છન્દોનો પદવિભાગ નિશ્ચિત હોતો નથી. પરંતુ કેટલાક છંદોમાં અક્ષરસંખ્યા તેમજ પાદની ગણના પણ આવશ્યક માનવામાં આવે છે. આવા છંદોના અક્ષરોનું પાદોમાં વિભાજન કરવામાં આવે છે. આવા છંદોમાં લઘુ-ગુરુનું ધ્યાન રાખવામાં આવે છે.

હવે, અક્ષરસંખ્યા પર આધારિત છંદોમાં સંહિતાનો કોઈ મંત્ર અક્ષરસંખ્યાની કસોટી પર ખરો ન ઉતરે ત્યારે શું ? તેની પણ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. એક અક્ષરની ન્યૂનતા હોય તે નિચૃત્, બે અક્ષરની ન્યૂનતા હોય તે છંદ માટે વિરાટ્ વિશેષણનો પ્રયોગ કરવામાં આવે છે. એ જ પ્રમાણે એક અક્ષરની અધિકતા હોય તે ભૂરિક્ અને બે અક્ષર અધિક હોય તે છંદ સ્વરાટ્ કહેવાય છે. આ ઉપરાન્ત ન્યૂનાક્ષરની પૂર્તિ માટે વ્યૂહની વ્યવસ્થા સ્વીકારવામાં આવી છે.

વેદમન્ત્રના સમ્યક્ ઉચ્ચારણ માટે છંદોનું જ્ઞાન આવશ્યક છે. ઋક્પ્રાતિશાખ્ય છંદોનું વિધાન કરે છે. આમ, છંદોના વિવેચન દ્વારા પ્રાતિશાખ્ય ગ્રન્થોમાં વેદરક્ષાના હેતુને સાર્થક કરવામાં આવે છે.

**ઉપસંહાર :**

વેદની સૈદ્ધાન્તિક પક્ષમાં રક્ષા કરવામાં પ્રાતિશાખ્ય ગ્રન્થો અગ્રેસર છે. એક મતાનુસાર પ્રાતિશાખ્ય વેદના બાહ્ય સ્વરૂપની રક્ષા કરે છે. અર્થની રક્ષા માટે નિરુક્તાદિ શાસ્ત્રોનું પ્રણયન થયું છે. અર્થાત્ પ્રાતિશાખ્ય અર્થપક્ષની રક્ષા કરતાં નથી. પરંતુ સ્વર અને પદપાઠની દૃષ્ટિએ વિચારણા કરવામાં આવે તો પ્રાતિશાખ્ય ગ્રન્થો અર્થપક્ષમાં પણ વેદરક્ષામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ooo

૪૧. पादौ गायत्रवैराजावष्टाक्षरदशाक्षरौ ।
एकादशिद्वादशिनौ विद्यात् त्रैष्टुभजागतौ ॥

**संदर्भसूचि :**

१. ऋग्वेदप्रातिशाख्य-एक परिशीलन,डॉ वीरेन्द्रकुमार वर्मा, प्रथम संस्करण-१९७२, वाराणसी
२. ऋक्-प्रातिशाख्य और अष्टाध्यायी का तुलनात्मक अध्ययन, डॉ. मांगेराम यादव, प्रथम संस्करण-२००५, दिल्ली.
३. तैत्तिरीय प्रातिशाख्यम्-आर शामशास्त्री, के. रङ्गाचार्य, द्वितीय संस्करण-१९८५, दिल्ली
४. तैत्तिरीय प्रातिशाख्यम्-पं. सुधीरकुमार पाठकः, प्रथम संस्करण-२००९, वाराणसी
५. पाणिनीयशिक्षा-अवस्थी बच्चूलालो ज्ञानोपाह्वः, प्रथम संस्करण, संवत्-२०५०, उज्जैन
६. प्रातिशाख्यों तथा शिक्षाग्रन्थों में विहित ध्वनिविज्ञान-डॉ. विश्वनाथराम वर्मा, प्रथम संस्करण-२००९, वाराणसी
७. प्रातिशाख्यों में प्रयुक्त पारिभाषिक शब्दों का आलोचनात्मक अध्ययन, डॉ. इन्द्रा, द्वितीय संस्करण-१९९१, वाराणसी
८. वाजसनेयि-प्रातिशाख्यम्-डॉ. वीरेन्द्रकुमार वर्मा, चौखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली
९. वाजसनेय प्रातिशाख्य-एक परिशीलन, प्रो. युगलकिशोर मिश्र, प्रथम संस्करण-१९९७, वाराणसी
१०. वैदिक व्याकरण, डॉ. रामगोपाल, तृतीय संस्करण-२००२, दिल्ली
११. वैदिक स्वर मीमांसा, पं. युधिष्ठिर मीमांसक, तृतीय संस्करण, संवत्-२०४२, बहालगढ़, २००५
१२. संस्कृतभाषा, टी. बरो, अनुवाद-डॉ. भोलाशंकर व्यास, द्वितीय संस्करण-२००३, वाराणसी
१३. History of Ancient Sanskrit literature. Max Muller

# વિક્રમોર્વશીયમ્ અને માલવિકાગ્નિમિત્રમ્ નાટકમાં અર્થાન્તરન્યાસ નિરૂપણ

– શ્રીમતી રંજનબેન અંધારિયા, *શ્રીમતી ગાંધી મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ભાવનગર*

આચાર્ય ભરતથી પંડિતરાજ જગન્નાથ પર્યંત પ્રાચીન સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો વિકાસ થયો છે. જેમાં રસ, રીતિ, વક્રોક્તિ, ધ્વનિ અને ઔચિત્ય સંપ્રદાયોની સાથે અલંકાર સંપ્રદાયનો સમાવેશ પણ થયો છે. આચાર્ય ભામહ અલંકાર સંપ્રદાયના પ્રણેતા છે કાવ્યાલંકાર ગ્રંથમાં ભામહે અલંકારોનું પ્રમુખત્વ સ્થાપિત કર્યું છે. આચાર્ય દંડી અને આચાર્ય મમ્મટ પણ સાહિત્યમાં અલંકારોનું મહત્ત્વ સ્વીકારે છે. 'अथालंकार रहिता विधवेव सरस्वती' વિધાન દ્વારા અલંકારરહિત સરસ્વતીને વિધવાની ઉપમા આપી અગ્નિપુરાણે પણ અલંકારોની મુખ્યતા સ્વીકારી છે.

સાહિત્યશાસ્ત્રીઓએ અલંકારોના બે પ્રકાર દર્શાવ્યા છે – શબ્દાલંકાર અને અર્થાલંકાર. અર્થાન્તરન્યાસ અલંકારનો સમાવેશ અર્થાલંકારમાં થયો છે. ભામહ, દંડી અને મમ્મટની અર્થાન્તરન્યાસની વ્યાખ્યામાં પ્રાયશઃ સમાન તત્ત્વોનું નિરૂપણ થયું છે. જેમાં સામાન્ય અને વિશેષ વિધાન તથા સાધર્મ્ય અને વૈધર્મ્યનો સમાવેશ થયો છે.

**उपमा कालिदासस्य नोत्कृष्टेति मतं मम ।**
**अर्थान्तरस्य विन्यासे कालिदासो विशिष्यते ॥**

પ્રસ્તુત ઉક્તિ મહાકવિ કાલિદાસની અર્થાન્તરન્યાસ નિરૂપણ વિષયક પ્રશસ્તિ સૂચવે છે. મારા શોધપત્રમાં વિક્રમોર્વશીયમ્ અને માલવિકાગ્નિમિત્રમ્ નાટકદ્વયના અર્થાન્તરન્યાસનો અભ્યાસ થયો છે.

मनोविनोदनफलैरेवंविधैर्धारितं कामार्थं जनं - દક્ષિણ પવનને ઉદ્દેશીને કહેવાયેલી પુરુરવાની ઉક્તિ પ્રિયા-ઉર્વશીનો પ્રેમપત્ર ચોરી લેવા બદલ ઉપાલંભરૂપે રજૂ થઈ છે. પ્રસ્તુત સામાન્ય વિધાન દ્વારા વિયોગમાં વિનોદના સાધન દ્વારા પ્રેમીઓની જીવન ટકાવી રાખવાની ક્ષમતાનો કવિ નિર્દેશ કરે છે.

प्रियवचनशतोऽपि योषितां दयिताजनानुयो रसादृते प्रविशति हृदयं नो ગુસ્સે થઈને ચાલી ગયેલી રાણી ઔશિનરી વિશે રાજાનું આ કથન છે. અન્ય સ્ત્રી પ્રત્યે આકર્ષાયેલા પતિના માધુર્યથી પૂર્ણ પરંતુ પ્રેમ વગરના વચનો પત્નીના હૃદયમાં ઊતરતાં નથી - પ્રસ્તુત સામાન્ય વિધાન દ્વારા ... અન્ય સ્ત્રી પ્રત્યેના આકર્ષણને લીધે પત્ની પ્રત્યે ઉદાસીન બલેન પુરુષની માનસિક સ્થિતિનું કવિ વર્ણન કરે છે.

निभृतैर्व्यपत्रपन्ते दयितानुनयैर्मनस्विन्यः – ઔશિનરીના વર્તન અંગેનું પ્રસ્તુત વિધાન સકારણ ગુસ્સે થયેલી પત્નીઓને પતિ મનાવે ત્યારે લજ્જાનો ભાવ વ્યક્ત કરે છે. અહીં ભ્રમરવૃત્તિવાળા રાજાની તુલનામાં ઔશિનરીના પાત્રની ગરિમા વ્યંજના દ્વારા કવિ પ્રગટ કરે છે.

अन्यसंक्रान्तप्रेमाणो नागरिका अधिकं दक्षिणा भवन्ति – ઉર્વશીના વિશેષ વિધાનના સમર્થનમાં પ્રસ્તુત વિધાન સામાન્યરૂપે રજૂ થયું છે. જેના દ્વારા પુરુષોને ઓળખવાની શક્તિ ઉર્વશીની તુલનામાં ચિત્રલેખામાં વધુ જણાય છે. ઔશિનરી પ્રત્યેનું રાજાનું દાક્ષિણ્ય માત્ર આડંબર જ છે. હૃદયથી તો તે ઉર્વશીમય બન્યો છે. તે વાતની પ્રતીતિ અહીં થાય છે.

यदेवोपनतं दुःखात्सुखं तद्रसवत्तरम् – મનુષ્યને કષ્ટથી પ્રાપ્ત થયેલું સુખ વધુ મધુર લાગે છે. સામાન્ય વિધાન દ્વારા કષ્ટસાધ્ય વસ્તુ જ મનુષ્યને સુખ આપનારી બની રહે છે. તેની પ્રતીતિ કરાવે છે.

प्रभुता रमणेषु योषितां न हि भावस्खलितान्यपेक्षते – કારણ વિના ગુસ્સે થયેલી ઉર્વશીના સંદર્ભમાં પ્રસ્તુત સામાન્ય વિધાન રજૂ થયું છે કારણ વિના પણ પ્રિયતમ ઉપર ગુસ્સે થવાના પ્રિયતમાના અધિકારનો કવિ નિર્દેશ કરે છે.

स्वार्थात्सतां गुरुतरा प्रणयिक्रियैव – રાજહંસને ઉદ્દેશીને કહેવાયેલી વિશેષ ઉક્તિના સંદર્ભમાં પ્રસ્તુત પંક્તિ સામાન્ય વિધાન છે. જેમાં કવિ સજ્જનોના પરોપકારી વ્યક્તિઓના - નિઃસ્વાર્થ વર્તનનું ચિત્ર અંકિત કરે છે. અને માનવજીવનમાં પરોપકારના ગુણ વિકાસ અંગે ઉપદેશ આપે છે.

आकृतिविशेषेष्वादरः पदं करोति – માલવિકાગ્નિમિત્રમ્‌નું પ્રસ્તુત વિધાન કૌમુદિકા મુખે રજૂ થયું છે. જેમાં માલવિકાના સૌંદર્યનો અને અગ્નિમિત્રનો તેના પ્રત્યે પ્રેમબીજના નિરૂપણનો નિર્દેશ છે. વળી કવિનો સૌંદર્ય વિષયક અભિગમ પણ પ્રગટ થયો છે.

प्रभवन्त्योऽपि हि भर्तृषु कारणकोपाः कुटुम्बिन्यः – ગુસ્સે થયેલી ધારિણીને સાંત્વન આપતા પરિવ્રાજિકાના વિશેષ વાક્યના સમર્થનમાં પ્રસ્તુત સામાન્યવિધાન રજૂ થયું છે. પતિ ઉપર વિના કારણે ગુસ્સે થવાના પત્નીના સ્વભાવનો નિર્દેશ અહીં છે. વક્રોક્તિ સ્વરૂપના આ વિધાનમાં ધારિણીનો ગુસ્સો સકારણ છે.

प्रायः समानविद्याः परस्परयशः पुरोभागाः – સમાન તેજવાળા બે મનુષ્યો વચ્ચે રહેલી ઈર્ષ્યાવૃત્તિ પ્રસ્તુત વિધાન દ્વારા રજૂ થઈ છે.

उपचारविधिर्मनस्विनीनां न तु पूर्वाभ्यधिकोऽपि भावशून्यः – માલવિકા તરફ આકર્ષાયેલો અગ્નિમિત્ર ઈરાવતી પાસે જતાં ડરે છે. મનસ્વી સ્ત્રીઓમાં પતિના ઔપચારિક વ્યવહારને ઓળખી જવાની કુશળતા હોય છે. આ કારણે ઈરાવતીના સાહચર્યને રાખવાનો રાજાનો વ્યવહાર જોવા મળે છે.

स्थाने प्राणाः कामिनां दूत्यधीनाः – પ્રણયકાર્યમાં દૂતીના સ્થાનનું મહત્ત્વ કવિ દર્શાવે છે. જેના દ્વારા રાજા અને માલવિકાના પ્રણયકાર્યમાં બકુલાવલિકાનો સફળ દૂતી તરીકે પરિચય થાય છે.

નિર્દિષ્ટ દષ્ટાંતો દ્વારા કાલિદાસે સાહિત્યમાં અલંકાર ધ્વનિની ચરિતાર્થતા સિદ્ધ કરી છે. કાવ્યસૌંદર્યની સાથે સાથે અર્થાન્તરન્યાસ અલંકારો જીવનવિષયક વિવિધ દૃષ્ટિકોણ રજૂ કરે છે. બન્ને નાટકો સ્ત્રી-પુરુષના પ્રણયનું નિરૂપણ કરતા હોવાથી સ્ત્રી-પુરુષોના સંબંધોનું સવિશેષ વિશ્લેષણ કરે છે. કાલિદાસ નાટકોમાં બહુપત્નીત્વ રિવાજવાળા સમાજનું ચિત્ર રજૂ કરે છે. એક નાયક રાજા તેને અનેક પત્નીઓ - પટરાણી અને અન્ય રાણીઓ. તથા નવી પ્રિયતમા પત્નીઓને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન. સાથે સાથે પ્રિયતમા તરફનું આકર્ષણ. ગુપ્તમિલન અને પટરાણીનો ક્રોધ. પતિથી વિમુખ અને અંતે छिन्नहस्तो मत्स्ये पलायिते निर्विण्णो धीवरो भणति धर्मो मे भविष्यति इति – કાલિદાસની ઉક્તિ ન્યાયે અન્ય સ્ત્રી સાથેના પતિના સંબંધોનો સ્વીકાર. સ્ત્રીઓની પતિ ઉપરની નામશેષ બનેલી પ્રભુતા. erature is the mirror of the Society, ન્યાયે કવિ પોતાના સમાજનું પ્રતિબિંબ અર્થાન્તરન્યાસમાં ઝીલે છે. વળી આ અલંકારના માધ્યમથી પાત્રોની લાક્ષણિકતાનો પરિચય આપે છે દુઃખની અનુભૂતિ પછી પ્રાપ્ત

થતાં સુખની સુખદ ચર્વણા કરે છે. સજ્જનોની સ્વાર્થમુક્ત સ્વાભાવિકતા નિરૂપે છે અને પંડિતોની હરિફાઈ યોજી પરસ્પરની માનવ સહજ ઈર્ષ્યાવૃત્તિના દર્શન કરાવે છે. માનવ જીવનમાં બોધાત્મક વચનોની ઉપયોગિતા દ્વારા क्वचित् कान्ता सम्मित ઉપદેશરૂપ પ્રયોજન પણ - અર્થાન્તરન્યાસ અલંકારના નિરૂપણથી ચરિતાર્થ કરે છે. અસ્તુ.

## સંદર્ભગ્રંથ સૂચિ


૧. કાવ્યાલંકાર, ભામહ વિરચિત – ડૉ. અનંતરાય રાવળ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૯

૨. કાવ્યાપ્રકાશ, મમ્મટરચિત – પ્રા. ડૉ. ગૌતમ પટેલ અને અન્ય સી. જમનાદાસની કંપની, અમદાવાદ,૧૯૯૫

૩. કાવ્યાદર્શ, આચાર્ય દંડી વિરચિત – શિવનારાયણ શાસ્ત્રી, પરિમલ પબ્લિકેશન, દિલ્લી

૪. અર્થાન્તરન્યાસ અલંકાર – ડૉ. મથુરેશનન્દન કુલશ્રેષ્ઠ, વ્રજકિશોર કુલશ્રેષ્ઠ, પ્રકાશન જયપુર, ૧૯૨૫

૫. વિક્રમોર્વશીયમ્, કાલિદાસરચિત – પ્રા. પી. સી. દવે, પ્રા. સુરેશ જ. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

૬. માલવિકાગ્નિમિત્રમ્, કાલિદાસ – પ્રા. પી. સી. દવે, પ્રા. સુરેશ દવે, પ્રિ. પી. આઈ. પટેલ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૦-૯૧

# વસિષ્ઠનું અધ્યાત્મ

– સી. વી. ઠકરાલ, રાજકોટ, *પ્રિન્સેસ સ્કૂલ, રાજકોટ*

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં પોતાની વિભૂતિઓના ખ્યાલ આપતાં અધ્યાત્મવિદ્યાને પોતાની એક વિભૂતિ તરીકે ગણાવેલ છે.

अध्यात्मविद्या विद्यानाम्। (૧૦.૩૨)

આવી દૈવીવિધાતા સાધક પાસે પણ વિશિષ્ટ લાયકાત હોવી જોઈએ. આપણને નોંધ લેતાં ગૌરવ થાય એવી હકીકત એ છે કે વસિષ્ઠ આવી લાયકાત સંપૂર્ણપણે ધરાવે છે.

'અધ્યાત્મ' શબ્દ પ્રચલિત, પરિચિત અને છતાં અત્યંત ગહન તેમજ વ્યાપક શબ્દ છે. એનો પાર પામવાના કોડ માનવજાતિ શતાબ્દીઓથી સેવતી આવી છે. એ અત્યંત વ્યાપક વાતને સંક્ષેપમાં સમજાવતાં કહેવામાં આવ્યું છે કે 'જેના દ્વારા સમગ્ર બ્રહ્માંડને આપણી જાતમાં પહેચાની શકાય તે અધ્યાત્મ.' તેને લગતી વિદ્યા તે અધ્યાત્મવિદ્યા.

